R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 17 • PAGES : 40 • MUMBAI • DATE : 5TH JULY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



# Shrimati Varshaben Rajeshbhai Shah

**21st Dec 1961 - 29th Jun 2021**

Our Beloved Shrimati Varshaben Rajeshbhai Shah has left us for her Heavenly Abode on 29-06-2021 having lived her life full of Love and Happiness. We would always remember her ever loving nature and the will to overcome any situation.

In Grief

Jinal-Pratik-Ashish Shah
Anaira-Mahira Shah
Parul-Rajendra Shah
Hardik-Shruti Shah

Manisha-Hirendra-Nirav Mota
Trupti-Samarth Kaji
Dipali-Pradeep Jain

Tiki Tar and Shell India
BEST BITUMEN FOR BEST ROADS

TIKIDAN Building together

TIKI TECH Communicating Creatively

Congratulations

## મોતા અને પોલડીયા પરિવારનું ગૌરવ...

## કુ. તન્વી ઉમેશ ખેતશી મોતા (B. Arch)

ગામ : કચ્છ-નલિયા | જન્મ તા. : ૧૬-૧૨-૧૯૯૮ | હાલ : ઘાટકોપર



અમારી લાડલી દિકરી કુ. તન્વી એ અથાગ મહેનતથી
Bachelor of Architecture (B. Arch) in ની ડિગ્રી Distinction સાથે
Kamla Raheja Vidyanidhi Institute of Architecture (KRVIA), Juhu-Mumbai માં
ઝળહળતી સફળતા મેળવ્યા બદલ ખોબલે ખોબલે અભિનંદન...
દાદાણા અને નાનાણા પરિવારનું ગૌરવ વધારો એવીજ
શુભકામના... શુભાશીષ... હાર્દિક શુભેચ્છા.....

લી. સફળતાના શુભાકાંક્ષી

દાદી-દાદા : માતુશ્રી હીરાવંતી ખેતશી પદમશી મોતા (નલીયા)
માતા-પિતા : અ.સૌ. રાજેશ્રી ઉમેશ ખેતશી મોતા (નલીયા)
નાની-નાના : માતુશ્રી ઈન્દુમતી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા-લલાપો (બાયઠ)
ભાઈ : કુ. હીર ઉમેશ ખેતશી મોતા (નલીયા)


RAJESHREE ENTERPRISES
ENGINEERS & BUILDERS
સૌજન્ય
REE STRUCTURE
PROJECT MANAGEMENT CONSULTANT
Self/Redevelopment & Rehabilitation
Mob. : 99870 93334
UPASANA - 9820167767


## દલતુંગી ગામે શિયાલ કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજીના નૂતન શિખર મંદિરનું શિલાન્યાસ

દલતુંગી ગામે બિરાજમાન શિયાલ કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજી, શ્રી ક્ષેત્રપાળ દાદા અને શ્રી મંગલમૂર્તિ ગણેશજી ભગવાનના નૂતન શિખર મંદિરનું શિલાન્યાસ જેઠ વદ ૧,તારીખ ૨૫/૬/૨૦૨૧, શુક્રવારના રોજ સુખરૂપ પૂર્ણ થયેલ છે. શિલાન્યાસ દરમ્યાન ભૂમિદાતા અને મંદિરના મુખ્યદાતા, શ્રી પ્રફુલ ચાંપસી શિયાલ પરિવાર દ્વારા કૂર્મ શીલા (foundation stone) અને કુમ્ભ પ્રસ્થાપિત કરવામાં આવ્યું.

આ સિવાય અન્ય શીલા અને કળશની પ્રતિષ્ઠાનો લાભ જે કુટુંબીજનોએ લીધો એની યાદી નીચે મુજબ છે. ૧. માતુશ્રી જયાવંતીબેન માણેકજી શિયાલ સહપરિવાર - ઈશાન દિશા ૨. અ. સૌ. વિધી સંકેત હીરેન શિયાલ સહપરિવાર - પૂર્વ દિશા ૩. માતુશ્રી ખમાવંતીબેન રતિલાલ શિયાલ સહપરિવાર - અગ્નિ દિશા ૪. માતુશ્રી જયાબેન પુનશી શિયાલ સહપરિવાર - દક્ષિણ દિશા ૫. માતુશ્રી સોનબાઇ શામજી શિયાલ સહપરિવાર - નૈઋત્ય દિશા ૬. માતુશ્રી શાંતાબેન શાંતિલાલ શિયાલ સહપરિવાર - પશ્ચિમ દિશા ૭. શ્રી કિશોર ચાંપશી શિયાલ સહપરિવાર - વાયવ્ય દિશા ૮. માતુશ્રી કંચનબેન વીરજી શિયાલ સહપરિવાર - ઉત્તર દિશા ૯. માતુશ્રી લક્ષ્મીબેન કાંતિલાલ શિયાલ સહપરિવાર-મહા કુંભ. આ બધા કટુંબના નામ આ કળશ પર અંકિત કરવામાં આવેલ છે, જેથી આવનારી પેઢી, હાલની પેઢીનું આ ભગીરથ કાર્ય યાદ રાખે.

આ સિવાય બીજા બે ચઢાવા લેવામાં આવ્યા. માતાજીના બોરમાં તાંબાનો કાચબો પ્રસ્થાપિત કરવાનો લાભ માતુશ્રી સોનબાઇ શામજી શિયાલ પરિવારે અને તાંબાનો પાઇપ કૂર્મ શીલા પર પ્રસ્થાપિત કરવાનો લાભ અ. સૌ. નયનાબેન શરદ વેરશી શિયાલ પરિવારે લીધેલ. આપણા ભુવા શ્રી શામજી બાપાના આશીર્વાદ સાથે આ શિલાન્યાસના કાર્યક્રમની વિધી શ્રી મનીષ મહારાજ - કલ્યાણપૂર દ્વારા કરાઈ અને મુંબઈના સોમપુરા શ્રી હિતાર્થ સોમપુરાની હાજરીથી સંપૂર્ણ થઇ.

ભૂમિદાતા પરિવાર, શ્રી પ્રફુલ ચાંપસી શિયાલ પરિવાર દ્વારા, મંદિર તથા સામાન્ય ઉપયોગ માટે પાણીના બોરની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. શ્રી માતાજીની મહેર થકી આ બોરમાં પાણીની વ્યવસ્થા સુખરૂપ થયેલ છે. આ સાથે મંદિરનું નવનિર્માણ પૂર્ણ જોશ સાથે શરૂ થઇ ગયેલ છે. પાયાનું પ્લેટફોર્મ પૂર્ણ થતા મંદિર તૈયાર કરવાનું કામ આપણા સોમપુરા તરફથી શરૂ થશે. આપ સર્વે કટુંબીજનો અને નિયાણી બહેનોનો કાર્યકર્તા કમિટી ખૂબ ખૂબ આભાર માને છે.

**શિયાલ પરિવાર કાર્યકર્તા કમિટી તરફથી જય માતાજી અને જય જિનેન્દ્ર**

## તંત્રી સ્થાનેથી

પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ તંત્રી એડ. શૈલેશ સનત્ શાહ, શ્રી શાંતીલાલ મુલજી શિયાલના નિકટવર્તી હતા એટલે મેં તેમને આ અંકમાં શાંતિલાલભાઈ વિશે તંત્રીલેખ લખવા વિનંતી કરી જેનો સ્વીકાર કરી શ્રી શૈલેશભાઈએ માહિતીસભર તંત્રીલેખ લખ્યો તે બદલ તેમનો આભાર.



– ડૉ. હીરાચંદ દંડ

# શ્રી શાંતિલાલ મૂલજી શિયાલ (ઈંદોર - જખૌ)ને શ્રદ્ધાંજલિ

## (તા. ૨૧.૦૩.૧૯૩૬ થી તા. ૨૬.૦૬.૨૦૨૧)

ફૂલ ગુલાબી ચહેરો, મુખ પર મંદ સ્મિત અને સ્પોટલેસ સફેદ સફારીથી સજ્જિત શ્રી શાંતિલાલભાઈની વિદાયથી જ્ઞાતિને જે ખોટ પડી છે, તે પૂરવી અસંભવ છે. છેલ્લા ૪૫ વર્ષમાં વિદ્યાર્થી સંઘ, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, મુંબઈ મહાજનશ્રી, રોટરી,પ્રકાશ સમીક્ષા જેવી ઘણી સંસ્થાઓ માટે કાર્ય કરવાની મને તક મળી છે. આ સંસ્થાઓ સાથે ઘણાં સક્રિય કાર્યકર્તાઓ અને આગેવાનોને નજીકથી કાર્ય કરતા જોવાનો મોકો મળ્યો છે, પણ જે ધગશ, પ્લાનિંગ, ચીવટ અને કુશળતાથી શાંતિલાલભાઈ કામ કરતા એ મેં બીજા કોઈમાં જોયું નથી. આપણી જ્ઞાતિમાં ઘણા શેઠો હતાં, છે અને ભવિષ્યમાં પણ થશે, પણ જે સહજતાથી શ્રી શાંતિલાલભાઈ માટે લોકો શેઠ વાપરતાં હતાં, એ જોઈને ઘણીવાર એમ થતું કે માણસો કદાચ એમનું ખરૂં નામ ભૂલી ગયા છે.

શરૂઆત જુલાઈ ૧૯૮૨ થી મુંબઈ મહાજનશ્રીના પ્રમુખપદે વરણી થઈ ત્યારથી થઈ. મુંબઈ મહાજનશ્રીમાં છેલ્લા ચાર દાયકા દરમ્યાન જે કામ થયું છે, તેમાં જુલાઈ ૧૯૮૨ થી ૧૯૮૪ નો સમય કદાચ સૌથી મહત્વનો અને ફળદાઈ રહ્યો. એનું સંપૂર્ણ શ્રેય શ્રી શાંતિલાલભાઈને છે. તા. ૨૬.૬.૨૦૨૧ ના મુંબઈ મહાજનશ્રીના એ ગૌરવશાળી પ્રકરણના પ્રેરક અને લેખકે આપણી પાસેથી અંતિમ વિદાય લીધી.

સમૂહલગ્ન, સગપણ - મિલન સમારોહ, મેડિકલ કેમ્પસ, શેઠશ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ અને માતોશ્રી કુંવરબાઈ નરસી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટની સ્થાપનાના બીજ, યતિશ્રીનો દીક્ષા મહોત્સવ, શેઠશ્રી નરસી નાથાના સ્મરણાર્થે કવર ઉપર ઈન્ડીયન પોસ્ટ ડીપાર્ટમેન્ટનો સિક્કો, આ સર્વ કાર્ય ફક્ત બે થી અઢી વર્ષના સમયમાં કરવા એ એક ભગીરથ કાર્ય હતું પણ શાંતિલાલભાઈએ એ કરી બતાવ્યું.

સમૂહલગ્નની શરૂઆત મુંબઈ મહાજને મે ૧૯૮૧ થી કરી, પણ આ કાર્યને વેગ આપવાનું કામ શ્રી શાંતીલાલભાઈની આગેવાની હેઠળની વ્યવસ્થાપક સમિતિએ કર્યું. જુલાઈ ૧૯૮૨ થી ઓકટોબર ૧૯૮૪ સુધી શાંતિલાલભાઈ મહાજનશ્રીના પ્રમુખ હતા. આ સમય દરમ્યાન પાંચથી છ સમૂહલગ્નો થયા. શેઠશ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ અને માતોશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ, આ ટ્રસ્ટોના બંધારણથી લઈને મહાજનના હોદ્દેદારોમાં એની જવાબદારી કેમ સોંપવી વગેરે બધી રૂપરેખા એમના નેતૃત્વ હેઠળ તૈયાર થઈ.

જ્ઞાતિનું સૌ પ્રથમ સગપણ મિલન સમારોહ માટુંગામાં તા. ૧૧.૭.૧૯૮૨ ના મુંબઈ મહાજને આયોજ્યો, જેમાં ૬૦ યુવક-યુવતીઓએ ભાગ લીધો. કુલ ૩ સગપણ મિલન સમારોહ ૧૯૮૨ થી ૧૯૮૪ દરમ્યાન થયા.

૧૯૮૨ થી ૧૯૮૪ સુધીના સમયમાં ૩ મેડિકલ કેમ્પસ : ડોંબીવલી, ભાંડુપ અને ગોરેગામમાં મુંબઈ મહાજને કર્યા. જેનો લાભ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો. મેડિકલ કેમ્પના આયોજનમાં ડૉ. ઈલાબેન વેરસી મૈશરીનો


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના   ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા   કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના   પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા   શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



## વૉલ્યુમ : ૦૧, અંક : ૧૭, તા. ૦૫-૦૭-૨૦૨૧



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પણ મહત્વનો ફાળો હતો. મેડિકલ કેમ્પસ થયા બાદ, ફોલોઅપ કરવા માટે એક ડૉક્ટર્સની ટીમ બનાવવામાં આવેલી જેથી કેમ્પસના આયોજન બાદ પણ સારવારનું કામ ચાલુ રહે અને એ કાર્ય ચાલુ રાખવામાં આવેલું. આ કેમ્પસ દરમ્યાન જોવામાં આવ્યું કે ઘણા જ્ઞાતિજનો પૈસાના અભાવે જરૂરી વૈદકીય સારવાર કરાવી નહોતા શકતા અને ત્યાંથી શેઠશ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટની સ્થાપનાનું બીજ રોપાયું. માતોશ્રી કુંવરબાઈ નરસી નાથા મહિલા ગૃહઉદ્યોગ અને શેઠશ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટનું બંધારણ એમણે પોતે અન્ય બંધારણોનો અભ્યાસ કરી અને ખૂબ મંથન બાદ તૈયાર કર્યું.

દરેકે દરેક કાર્ય કરતા પહેલાં એ વિષયનો સંપૂર્ણ અભ્યાસ કરવો, પોતાના હાથે એની યોજના પેપર પર લખવી, ત્યારબાદ અન્ય હોદ્દેદારો જેમ કે ઉપપ્રમુખ, માનદ્‌મંત્રી ઈ. સાથે એનો વિચાર વિમર્શ કરવો, એમના સૂચનોને ધ્યાનમાં લઈને પ્લાનિંગમાં એ મુજબના જરૂરી ફેરફાર કરવા અને પછી જ એ યોજના અથવા પ્રોજકટને મહાજનશ્રીની મિટીંગમાં મૂકવો, એ એમની કાર્ય પદ્ધતિ હતી.

એમની કિતાબ મહાલ ફોર્ટમાં આવેલી વિશાળ ઓફિસે ધમધોકાર ધંધો હોવાં છતાં અડધી ઓફિસ મહાજનશ્રીના કામો કરતી હતી અને કામ કરવું એટલે શ્રેષ્ઠ કામ કરવું. જરાપણ ઓગણીસ-વીસ થઈ તો કામ ફરી પાછું કરાવવું એમના માટે સહજ વાત હતી. જયારે એમની પ્રમુખપદે વરણી થઈ ત્યારે પહેલું કામ એમણે એ કર્યું કે જ્ઞાતિના ત્યારના જે આગેવાનો અને આગળ પડતા કાર્યકર્તાઓ હતાં એમના ઘરે જઈ, એમની સાથે વિચાર વિમર્શ કર્યો કે જ્ઞાતિ માટે શું કરી શકાય. એવી એક મુલાકાત એમણે આ લેખકના ઘરે, પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી સનત શાહ સાથે કરી હતી. આવતાની સાથે બીજું કામ એમણે એ કર્યું કે મહાજનના ઓફિસ કાર્ય માટે બે ફૂલટાઈમ પેઈડ સેક્રેટરી નીમ્યા. એમની કામ કરવાની ધગશ એવી ચેપી હતી કે એમને કયારેય કોઈને એમ કહેવાની પણ જરૂર નથી પડી કે તમે આ કરો. સામેથી માણસો આવીને કહેતા કે અમારા જેવું કામ બતાવો.

મુંબઈ મહાજનના બંધારણનો અને અનંતનાથ ટ્રસ્ટની સ્કીમનો એમનો અભ્યાસ એટલો ઉંડો હતો અને પકડ એટલી મજબૂત હતી કે એમના સમય દરમ્યાન અનંતનાથ ટ્રસ્ટ અને મહાજન વચ્ચે સૈધ્ધાંતિક મતભેદો પણ થયાં, પણ એમણે સાબિત કરી બતાવ્યું કે મહાજન સર્વોપરી છે. ભાંડુપમાં ઉપાશ્રય માટે રાખવામાં આવેલી જગ્યા જયારે અનંતનાથ ટ્રસ્ટે અરિહંત બેન્કને આપવાની તજવીજ શરૂ કરી ત્યારે મુંબઈ મહાજને ટ્રસ્ટ સામે સીટી સીવીલ કોર્ટમાંથી મનાઈ હુકમ લીધો, એ પણ એમની આગેવાની નીચે. આમ મહાજનની સર્વોપરિતા સાબિત કર્યા પછી પણ એને વટનો મુદ્દો ન બનાવતા જ્ઞાતિહિતમાં ટ્રસ્ટ સાથે સુલેહથી એ જગ્યા બેન્કને અપાવવાની સુઝ પણ એમની જ હતી.

કચ્છ માટે એમને ખૂબ જ લગાવ હતો. નેવુંના દાયકામાં વર્ષમાં બે-ત્રણ વાર જખૌની મુલાકાત, જ્ઞાતિના આગેવાન શ્રી મણિકાંત ધુલ્લા (પ્રતાપ કેટરર્સ) સાથે નક્કી હતી. આ દરમ્યાન વિવેકાનંદ રિસર્ચ (VRT) ના તુલસીભાઈ ગજરાની સહાયથી જખૌમાં એમણે અને મણિકાંતભાઈએ બહેનો માટે સાડી બાંધણીના કલાસ શરૂ કર્યા હતા. જેનો ઘણી બહેનોએ લાભ લીધો હતો. જ્ઞાતિની સોશ્યલ સિક્યુરીટી સ્કીમમાં કચ્છના જ્ઞાતિજનોને જોડાવવા માટે હાકલ કરી અને જરૂરિયાતમંદોને આ માટે પૈસાની પણ મદદ કરી. આપણા જ્ઞાતિજનો જયારે કચ્છમાં પોતાની જમીન વેચવા માંડ્યા ત્યારે પ્રકાશ સમીક્ષામાં જાહેરાતો આપી, એમને એવું ન કરવાનો આગ્રહ કર્યો, કારણ કે એમનું દૃઢપણે માનવું હતું કે કચ્છનું ભવિષ્ય બહુ ઉજળું છે. આ સમય દરમ્યાન મુંબઈમાં એમણે એક દિવસ માટે કચ્છ પરિષદનું આયોજન કર્યું. આ પરિષદમાં કચ્છ સાથે જોડાયેલા જ્ઞાતિના આગેવાનો, કચ્છના મહાજનો તથા (VRT) ના મુખ્ય કાર્યકર્તાઓ પણ હાજર રહ્યા હતા. કચ્છમાં વસતા જ્ઞાતિજનોનું જીવનસ્તર ઉપર લાવવા માટેની યોજના નક્કી થઈ.

આના જ અનુસંધાનમાં ત્યારબાદ શ્રી શાંતીલાલભાઈ અને શ્રી મણિકાંતભાઈએ કચ્છ -દર્શનનું આયોજન કર્યું જેમાં મુંબઈ સ્થિત ઘણાં જ્ઞાતિજનોએ ભાગ લીધો. સાત દિવસના આ પ્રવાસ દરમ્યાન થયેલ વિચાર વિમર્શ બાદ જે સંસ્થાનું નિર્માણ થયું તે હતી 'કે.ડી.ઓ. કલાસીક'. ૨૯ જૂન ૧૯૯૬ના શુભ દિવસે સંસ્થા સ્થપાઈ. આ વર્ષે ૨૯ જૂન ૨૦૨૧ ના દિવસે સંસ્થાએ પચ્ચીસ વર્ષ પૂરા કર્યા. આ પચ્ચીસ વર્ષ દરમ્યાન સંસ્થાએ જ્ઞાતિપયોગી ખૂબ જ ઉમદા અને સરસ કાર્યક્રમો યોજ્યા, જેનું બહુ મોટું શ્રેય આ સંસ્થાના સ્થાપક શાંતિલાલભાઈને જાય છે. સંસ્થાના બંધારણથી લઈ ને એના દરેકે દરેક પ્રાજેકટસમાં એમની પ્રતિભા અને છાપ ખૂબ સ્પષ્ટ રીતે દેખાય છે. સંસ્થાના


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE
AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

પ્રથમ ચાર વર્ષ દરમ્યાન એના પ્રમુખપદે રહી સંસ્થાને એમણે એક નક્કર પાયો આપ્યો.

થોડા વર્ષો બાદ શ્રી શાંતિલાલભાઈએ કે.ડી.ઓ. કલાસીક ફાઉન્ડેશનની સ્થાપના કરી જે સંસ્થાએ અનેક જ્ઞાતિજનોને વૈદકીય અને શૈક્ષણિક સહાય પૂરી પાડી છે. સાલ ૨૦૦૦ થી લગભગ ૧૨-૧૩ વર્ષ સાયનની તારાચંદ બાપા લાયન્સ ક્લબમાં દર બુધવાર અને શનિવારના દેશના કોઈપણ ખૂણામાં રહેતા જ્ઞાતિજનોના મોતિયાના ઓપરેશન નિશુલ્ક કરવામાં આવતા. આ સમગ્ર સમય દરમ્યાન શાંતિલાલભાઈ પોતે દર બુધવાર અને શનિવારે બે-ત્રણ કલાક સાયન (મુંબઈ) જતા અને ઓપરેશન દરમ્યાન હાજર રહેતા. ૨૦૧૫ થી આ કાર્ય આંખના સર્જન ડૉ. દેવસ્થલીની સાયનની કિલીનીકમાં હજી પણ થાય છે. (તારાચંદબાપામાં લેબર સમસ્યાને લીધે) આ ઉપરાંત દાંતના રોગોની અને ડાયાબીટીસની પણ નિશુલ્ક સારવાર કરવામાં આવે છે.

## દુઃખદ નિધન



**શ્રી શાંતિલાલ મુલજી શિયાલ - જખૌ (ઈંદોર)**

**આપના વિચારોમાં જ્ઞાતિની પ્રગતિ તથા વિકાસના સ્વપ્ન હતા,**
**આપના કર્મમાં લોક કલ્યાણ તથા સામાજીક સેવાના સંસ્કાર હતા,**
**આપના સમગ્ર જીવનમાં પરોપકાર નિષ્ઠા તથા સમર્પણના ભાવ હતા.**

સુપ્રસિદ્ધ જ્ઞાતિ આગેવાન તથા શ્રી ક.દ.ઓ.મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ તથા કેડીઓ કલાસીકના સ્થાપક પ્રમુખ શ્રી શાંતિલાલભાઈનું દુઃખદ નિધન તા. ૨૬-૦૬-૨૦૨૧ ના થયું છે.

આજીવન જ્ઞાતિસેવા માટે સમર્પિત રહેનારા શ્રી શાંતિલાલભાઈના નિધનથી જ્ઞાતિને મોટી ખોટ પડી છે. એમના દિવ્ય આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એવી પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

અત્યારે આ ઉમદા કાર્ય શ્રી મણિકાંત ધુલ્લા, શ્રી રાજેશ પ્રેમજી શાહ અને તેજલબેન રાજેશ શાહ સંભાળી રહ્યાં છે. (મીનાબેન લાલકા અને નીલાબેન શાહની સહાય સાથે)

૮૫ વર્ષની જૈફ વયે પણ શાંતિલાલભાઈ ઓફિસે જતા (કોવીડ સમય પહેલા) અને જ્ઞાતિ કાર્યમાં ઓતપ્રોત હતા. અત્યારે પણ ઘણા મહાજનો, ટ્રસ્ટો અને સંસ્થાઓ નિયમિત રીતે એમની સલાહ લેતા અને અનુસરતા પણ. કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિનો ઈતિહાસ લખાવવો કે જેથી આવનારી પેઢીને એના ગૌરવશાળી વારસાનો ખ્યાલ રહે, એ દિશામાં અત્યારે પણ તેઓ કાર્યરત હતા. આ કાર્ય એમણે શરૂ કરી દીધેલું પણ કમનસીબે પુરૂં ન કરી શક્યા.

અને છેલ્લે એક વ્યક્તિ તરીકે તેઓ મૃદુભાષી અને આડંબર શૂન્ય હતા. મહાજન પ્રમુખ હતા ત્યારે, એની પહેલા અને એના પછી પણ એમના પગ હંમેશા જમીન પર હતા. કયારેય કોઈની સાથે ઉંચા અવાજમાં કે છીછરી વાત ન કરવી એ એમનો મંત્ર હતો. ક્ષુલ્લક અને અર્થહીન રાજકારણથી તેઆ હંમેશા દૂર રહ્યાં. પોતાની લોકપ્રિયતાનો તેમણે કયારે પણ (મહાજન પ્રમુખ હતા ત્યારે પણ) ઉપયોગ (દુરઉપયોગ તો દૂરની વાત છે) નહોતો કર્યો. હંમેશા સમજાવટથી બધાને સાથે લઈને નિર્ણયો લીધા.

એમના ધર્મપત્નિ નિર્મળાબેનનો એમને હંમેશા સુંદર સાથ સહકાર મળ્યો, એમણે એમના સંતાનો વિજયભાઈ અને હીનાબેનને ૨૦૧૦માં એક પત્ર લખીને કહેલું કે એમના મૃત્યુ બાદ જ્ઞાતિપત્રો કે અખબારોમાં એમનો ફોટો કે જીવન ઝરમર છપાવવી નહીં અને સાદડી, પ્રાર્થના કે શોકસભા રાખવી નહીં અને અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થા રાખે તો એમાં હાજર રહેવું નહીં. આજના દૌરમાં જયારે મોટા ભાગના માણસો એમ ઈચ્છતા હોય કે એમનું નામ કે તસ્વીર છાપામાં છપાય ત્યારે આ પ્રકારની સૂચના ફક્ત એજ આપી શકે કે જેણે કાર્ય લોકપ્રસિદ્ધિ માટે નહીં પણ ફક્ત લોકહિત માટે જ કર્યું હોય. આમ તો શાંતિલાલભાઈના જીવનમાંથી ઘણું શીખવાનું છે પણ છેલ્લો સંદેશો અમૂલ્ય છે જ્ઞાતિના ખરા સુકાનીને સલામ અને ભાવભરી અંજલિ. ઈશ્વર એમના પવિત્ર આત્માને શાંતિ આપે.

(નોંધ : લેખક જુલાઈ ૧૯૮૨ થી ૧૯૮૪ સુધી પ્રતાપભાઈ ગોવિંદજી શાહ સાથે મુંબઈ મહાજનના માનદ્મંત્રી હતા.)



શ્રી શૈલેશ સનત્ શાહ

રજિસ્ટર નં. - ઈ/૧૨૬/ધુલીયા | શ્રી શાંતીનાથાય નમ: | ફોન નં. - ૦૨૫૬૨ -૨૩૪૭૯૦

# શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા.

કૉન્વ્હેન્ટ સ્કુલ સામે, **ચાલીસગામ રોડ, ધુલીયા – ૪૨૪ ૦૦૧.** (મહારાષ્ટ્ર)

તારીખ- ૭/૬/૨૦૨૧

**સુજ્ઞશ્રી,**

**જય જિનેંદ્ર,**

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેંદ્રસાગર સુરિશ્વરજી શ્રી ક. દ. ઓ. જૈન બોર્ડીંગ ધુલીયાની જનરલ સભા (મિટીંગ) **રવિવાર, તા. ૧૧/૭/૨૦૨૧ બપોરના ૧.૦૦ કલાકે સંસ્થાના મકાનમાં ધુલીયા** મુકામે રાખવામાં આવેલ છે. અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામા આવશે. તો આપશ્રીને મિટીંગમા સમયપર પધારવાં નમ્ર વિનંતી છે. નીચેની ટીપ ખાસ વાંચી લેવા વિનંતી.

## અજેંડા

૧) સંસ્થાની પાછલી તા. ૧૦/૧૨/૨૦૨૦ થયેલ મિટીંગનું મિનિટબુક વાંચીને કાયમ કરવું.
૨) સંસ્થાના પાછલા ૧૦ વર્ષનું આર્થિક અહેવાલ સાદર કરવું.
૩) વર્ષ ૨૦૨૦-૨૧ ના ઑડીટ રિપોર્ટ ને મંજુરી આપવી.
૪) ૨૦૨૧-૨૨ ની અંદાજીત આવક-જાવક (બજેટ) મંજુરી આપવી.
૫) વર્ષ ૨૦૨૧-૨૦૨૨ આર્થિક વર્ષ માટે ઑડીટરની નેમણુંક કરવી.
૬) વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના ઉત્પન્ન માંથી આયકર કાયદા મુજબ રકમ શૈક્ષણિક કારણસર આર્થિક (ભાંડવલી) ખર્ચ આગામી પાઁચ વર્ષમાં કરવામાં આવશે.
૭) સંસ્થાના આજ સુધીનાં ચાલુ રહેલ કાર્યોની માહિતી આપવી.
૮) દુ:ખદ અવસાનથી ખાલી થયેલ પદે કારોબારી સદસ્યોની નેમણુંક કરવી.
૯) શ્રી સંસ્થાના ચેઅરમન શ્રી દિનેશભાઇ રતિલાલ મૈશેરી ના દુ:ખદ અવસાનથી એમના રિક્ત સ્થાને ચેઅરમનની નેમણુંક કરવી.
૧૨) અધ્યક્ષ સાહેબનાં મંજૂરીથી આવેલ વિષયો પર વિચારણા કરવી.

લી.

**કેતન ઠાકરસી ગોસર**

માનદ મંત્રી

ટીપ :- ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા જેજ દિવસે અડધા કલાક પછી લેવામાં આવશે.
૨) જમવાની વ્યવસ્થા સર્વ સભાસદ માટે મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે.
૩) આપ ક્યારે આવવાના છે જેની સંસ્થાને જાણ કરશો જેથી સવગડતા કરવા સુગમતા રહે.
૪) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા.
૫) જનરલ સભામાં સભાસદને કોઇપણ પ્રશ્ન થતાં એની જાણ અને માહિતી સભામાં સવિસ્તાર આપવાં માટે આપનો પ્રશ્ન સંસ્થાને ઓછા માં ઓછા પંદર દિવસ પહેલા લિખીત સ્વરૂપમાં જાણ કરવા વિનંતી.




SINCE 1982

LagnaDeep
STUDIO

પરિવારના શુભ પ્રસંગોનો સથવારો
'લગ્નદીપ' એટલે વિવિધતાનો ખજાનો

**૧ જુલાઈથી શરૂ**

**અપોઈંટમેન્ટ માટે સંપર્ક કરો**

**022 2568 0807 / 7666688881 / 7666622229**

શોપ નં. બી ૧૩/૧૫, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, રાજ હોસ્પીટલની સામે, મુલુંડ (વેસ્ટ) મહારાષ્ટ્ર

**ઓફર બન્ને સ્ટોરમાં ઉપલબ્ધ**

# અતીતની અટારીએથી

## ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૮)''

સોમ ધરમશી
મો. 97267 76627



ગતાંકથી ચાલુ

મચ્છવો હજી માંડવીની જેટીથી લગભગ ૧૦૦ ફુટ દૂર હતો અને માલમોએ અચાનક સઢ વીંટાડી કુવાસ્થંભ સાથે બાંધવા લાગ્યા. એક માલમ હાથમાં મોટો ડંડો લઈ પાણી માપવા લાગ્યો. એક ખારવો અચાનક મચ્છવામાંથી પાણીમાં કુદી પડ્યો અને બીજા ખારવાએ એક મોટો રસો તેના તરફ ફેંક્યોં. મચ્છવાની કિનારી પરથી બીજા બે-ત્રણ માલમો વાંસને પાણીમાં ખૂંપવા લાગ્યા જાણે કે મચ્છવાને સ્થિર કરવા બ્રેક આપતા હોય. વાંસથી ખૂંપતા ખૂંપતા ''ખમસો રે ભાઈ ખમસો''નાં હાકોટા પાડવા લાગ્યાં.

સુર્યદેવતા સારા એવા ઉપર આવી ગયા હતા. મચ્છવામાં બેઠેલા એકલ દોકલ પ્રવાસી પોતાના બેગ બિસ્તરા ગોતવા લાગ્યા. ત્યારે ફકલાએ દુર ઉભેલી બળદ ગાડીઓ દેખાડી અને કહ્યું - ''બબાશેઠ અજ ભરતી ઓછી આય. મચ્છવો જેટી તેં નહીં પુજે, આંકે ગડ઼ેંસે (બળદ ગાડી) કંઠે તેં પુજણું પોંધો.''

હું આશ્ચર્યચકિત થઈ ગયો. પણ બળદ ગાડી સુધી પહોંચાશે કેવી રીતે..! તેના વિચારમાં પડી ગયો.

હવે અમારો મચ્છવો સ્થિર થઈ ગયો હતો. કેટલાક જુવાન લોકો મચ્છવામાંથી રેતાળ જમીન પર કુદીને ઉતરવા લાગ્યા... તેમના સહપ્રવાસી તેમને સામાન આપવા લાગ્યા. કેટલીક બળદગાડી મચ્છવાની સાવ નજીક આવી ઉભવા લાગી, ફકલા હમાલે એક બળદગાડીવાળાને ઈશારો કરી મચ્છવા પાસે લાવવા કહ્યું.

''એ કરસન હકલ, હકલ તોજે ઢગેં કે, ને વટે ખણી અચ... નેણશી હમાલ જા છડ઼ીયા અઈં, ઉમરશી બાપાજી ધરમસાડ઼ામેં વેંધા, અરે ઢગેં કેં ડચકાર.. ડચકાર.. જપાટો કર વેલો. સામાન પણ ખાસો આય, કરસનિયા... ચુંથા... અક્કલજા ઈસ્કોતરા... વટે વાર તોજી ગાડી કે...

અને હવે લગભગ બળદગાડીનું લેવલ અને અમારા મચ્છવાનું લેવલ એક સરખું થઈ ગયું હતું. ફકલાએ બળદગાડીમાં ઉભેલા એક મજુરને હવાલે મને કર્યો અને પછી મારી બેન મોટી.'' અને મારા માતુશ્રીને સહારો આપી બેલગાડીમાં ચડાવ્યા.

બેલગાડીમાં બેસવાનો આ મારો પહેલો પ્રસંગ હતો. બેલગાડીનાં અડધા પૈડા પાણીમાં ડુબેલા હતા. બળદો પુંછ હલાવી હલાવીને તેમના શરીર પર બેસી રહેલી માખીઓને ઉડાડતા હતા. બેલગાડીમાં એક જર્જરિત પાથરણું હતું, અમે ત્રણે જણા તેના પર બેઠા. મને થોડીક બીક લાગતી હતી તેથી મારા માતાજીનો એક હાથ પકડી તેમના પડખામાં સંતાયો.

બેલગાડીનાં ચાલકે ''ડચ ડચ'' જેવા શબ્દો બોલી ઢગાની પુછો આમળી અને પાણી ભરેલી રેતીમાં અમારી બળદગાડીની સ્વારી આગળ વધી. બે બળદમાંથી એક તો સાવ હાડપીંજર જેવો હતો. મેં મારું અજ્ઞાન પ્રગટ કરી માતાજીને સવાલ પુછ્યો- ''હી બ્યો ઢગો જાડો આય પણ હી કૉ સાવ મુડદાલ ને સનું આય.'' ચાલકે જ જવાબ વાળ્યો - ''શેઠીયા ગયેં વરેં દુકાર હો ચરો-પાણી બોરા મોંઘા અઈ.

શેઠિયા મિડ઼ે નવલખી કંડલા થઈ વિંઞેતા, ધંધા તુટધાં વિંઞેતા...''

અને અમે આવી પહોંચ્યા નરશી નાથા ધર્મશાળાનાં આંગણામાં. વચ્ચે અજિતનાથનું મંદિર આવ્યું. માતાજીએ ગાડામાં બેઠા બેઠા જ નમસ્કાર-વંદન કરી લીધા. મેં પણ અમારી યાત્રા હેમખેમ પુરી થઈ એટલે મંદિર સમક્ષ હાથ જોડી લીધા.

આંગણામાં ગાડું પહોચ્યું અને એક ૩૦ થી ૩૫ વર્ષનાં બેન અમારૂં સ્વાગત કરવા આવી પહોંચ્યા. ''કો રસ્તેમેં તકલીફ ત ન પઈ.'' ગાડામાંથી કુદકો મારી ઉતરવાનો વિચાર કરૂં તે પહેલાં તેમણે મને ઉંચકીને નીચે મુકી દીધો.

અમારા માટે ધર્મશાળાની એક ખાલી રૂમમાં નાહ્વા-ધોવાની વ્યવસ્થા હતી. અમે ખપ પુરતો સામાન લઈ એ રૂમમાં ગયા. અમે તૈયાર થતા હતા ત્યાં જ તેમના રસોડામાંથી બુમ સંભળાઈ ''હલો, શિરાણ તૈયાર આય.'' પહેલા તો મને સમજાયું નહીં, પણ મોટીએ કહ્યું ''નાસ્તો તૈયાર આય.'' બંદાએ રસોડા તરફ આગેકુચ કરતા કદમ બઢાવ્યા.

ગરમ ગરમ બાજરાનાં રોટલા, છાસ, ગોળ ખાતાં ખાતાં મારા માતુશ્રીએ ઓળખાણ કરાવી - ''હી નેણબાઈ, પાં ઘાટકોપરમેં જીવરાજ બાપા ને ચંપા માં જે ઘરે વિનોતાં તેંજાં ભેણ.''

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)

મને તો કકડી ને ભુખ લાગી હતી. બાજરાનો બીજો ગરમા ગરમ રોટલો, ગોળ, કેરીનું ખાટું અથાણું અને ડોરાનું અથાણું ઝાપટવામાં મશગુલ હતો. ઠંડી મીઠી મધુરી છાસ પણ તૈયાર હતી. બસ મજા પડી ગઈ.

બાહર બાંકડા પર બેસી મારા દાદા અને ઉમરશીભાઈ વાતોનાં તડાકે ચડ્યા હતા. આંગણામાં એક વેલસાફો બાંધેલું ગાડું અને એક સાદું ગાડું તૈયાર હતું. અહીંથી મંજલ સુધીનો રસ્તો કાપતાં સહેજ ૭ થી ૮ કલાક લાગે તેમ હતું. અમારા માટે આવેલ બીજા ગાડા પર મચ્છવામાંથી આવેલ સામાન ચાલક બાંધી રહ્યા હતા. તેમનું નામ મુલી મહારાજ હતું.

પેટ પુજા કરી અમે બધા વેલમાં ગોઠવાયા. નેણબાઈએ મારા ગાલ પર એક મિઠી ભરી, મારા હાથમાં ''પાવલી'' (ચાર આના) મુકી. માતુશ્રીએ રકઝક કરી ઘણી ના પાડી પણ મેં ધીમેથી ''પાવલી'' મારા ખિસ્સામાં સેરવી દીધી. લાલજી બાપાએ ''બોલો બોલો અજિતનાથ દાદા કી જય'' સાથે વેલ બાંધેલ ગાડાને હંકારી દીધું.

અચીજા... નિરાંતે અચીજા...ના સંદેશા સાથે હાથ હલાવતા નેણબાઈ, લક્ષ્મીચંદ અને ઉમરશીભાઈએ અમને વિદાય આપી. અહીં ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવી સુધીની સફર પુરી થઈ.

વેલવાડા ગાડામાં હું મારા દાદાની બાજુમાં ભરાઈ ગયો. હવાનાં કારણે ફર ફર થતી તેમની મુચ્છો જોવાની મજા પડવા લાગી. દાદા હાથમાં બળદોની રાસ પકડી સંભાળીને ગાડુ બહાર કાઢી મુખ્ય રસ્તા પર લઈ આવ્યા. ડાબા હાથ ઉપર જુદા જુદા સમાજોની ધર્મશાળા દેખાવા લાગી - ભાટીયા, ભાનુશાલી, લોહાણા, મુસ્લિમ સમાજની. આ સમાજની વ્યક્તિઓ, કુટુંબો માંડવી બંદરેથી મુંબઈ અને મુંબઈથી માંડવી આવે ત્યારે ''Freshup'' થવા તેમજ રાત રોકાવવા ઉપયોગી થઈ પડતી.

આગળ વધતાં જમણા હાથ ઉપર માંડવીનાં કાંઠે ઘણા વહાણોનું બાંધકામ ચાલું હતું. પ્ર. શ. ના દિનાંક ૨૦/૦૩/૨૦૨૧ના અંકમાં ''વહાણ બાંધકામમાં વિશ્વવ્યાપી નામના-માંડવી'' લેખ પાના નંબર-૩૭ અને વધુ વિગત પાના નંબર-૨૪ પર છપાઈ છે. શ્રી નવિનભાઈ માણેકજી પદમશી મૈશેરીએ વિગતવાર માહિતી આ લેખમાં આપી છે. આથી અહીં વહાણવટાનો વ્યવસાય અને આપણી જ્ઞાતિ વિશે વધુ લખતો નથી.

૧૯૫૦નાં માંડવી બંદરમાં અને હમણાનાં માંડવી શહેરમાં ઘણા ફેરફાર થઈ ચુક્યાં છે. શહેરની રોનક બદલાઈ ગઈ છે. અમારૂં ગાડુ માંડવી વટાવી મોટા લાયજા ગામે આવી પહોંચ્યું. કચ્છના માણસોને ચાય ની તલપ જોરદાર લાગે છે. કદાચ તેથી જ કારાણી બાપાએ ચાય ને છાયની કવિતા (સંઘર) બનાવી જે આજે પણ લોકડાયરાઓમાં સાંભળવા મળે છે.

મોટા લાયજાની ધર્મશાળા પાસે, જે આજે સાવ જર્જરિત થઈ ગઈ છે, ત્યાં એસ.ટી. નું બસ સ્ટોપ આવેલ અને ધર્મશાળાના દરવાજે ચા ની ટપરી પણ હતી. અહીંના લાકડીયા ગાંઠીયા પણ ખુબ વખણાતા. મુલી મહારાજ અને દાદાજીએ ગાંઠીયાની જ્યાફત ઉડાવી અને ચા નો સબળકો લગાવી બળદોને ફરીથી ગાડે જોડી ગાડુ હંકારવા લાગ્યા.

દાદાજી પોતાની ચા માં ડુબેલી મુચ્છોને તાવ આપી સરખી કરી ભગવાનનું ભજન-સ્તવન ગાતા ગાતા બાયઠ અને સાંભરાઈની નાય ક્યારે પસાર કરી મને ખબર પણ ના પડી.

ક્યાંથી પડે... સાંજનો કુમળો તડકો, મંદમંદ વાતો પવન, ખડબચડા રસ્તા પર ગાડેને લાગતો ઠેલો ''કદાચ હિંચકાની ગરજ સારતું હતું.'' માતાજીના ખોળાનો નરમ ઓશીકો અને શિરામણથી ભરેલું પેટ - નિંદ્રા દેવીને ખેંચી ન લાવે તો જ નવાઈ....!

અચાનક આંખ ઉઘડી તો એક મોટી ડેલી માંથી દાખલ થઈ આંગણામાં અમારૂં ગાડુ ઉભુ રહી ગયું. માતાજીએ મને ખોળામાંથી નીચે ઉતારી, અલગ કરી, આગળ વધી બારણામાં ઉભેલ બે પાકટ વયની માતાજીઓના ચરણ સ્પર્શ કર્યા. એક હતા મારા દાદી રાણબાઈ માં, બીજા હતા મારા દાદાના બહેન બાલ વિધવા વેજબાઈ માં...







એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર અહીં પુરી થાય છે.''

આ લેખ લખવાની સફરમાં પસાર થતા ઘણા ખાટા-મિઠા અનુભવો થયા, ઘણું જાણવા મળ્યું, ઘણું સંશોધન કરવું પડ્યું અને વાંચકો તરફથી અપ્રતિમ પ્રતિસાદ મળ્યો. એ બધાનો આભાર વ્યક્ત ના કરું તો તો નગુણો જ ગણાઉં.

## હું આભારી છું.....

(૧) આ લેખ લખવાની સ્ફુરણા અને પ્રોત્સાહન આપવા બદલ તંત્રીશ્રી ડૉ. સી. એ. હિરાચંદભાઈ દંડ તેમજ પ્રકાશ સમિક્ષાના અન્ય તંત્રીગણ અને સ્ટાફનો.

(૨) આ લેખની પુરક માહિતીઓ અને પ્રોત્સાહન આપનાર (A) શ્રી લખમશી હમાલના કુટુંબીજનો, (B) શ્રી નેણશી ધરમશી હમાલના કુટુંબીજનો, (C) શ્રી મેઘજી ભાણજી પોલડીયા (ડુમરા-નાગપુર) (D) શ્રી હરીશ દામજી ધરમશી (જખૌ-નવી મુંબઈ) (E) શ્રી લહેરચંદ શીવજી લોડાયા (નલીયા-કોચીંન) (F) શ્રીમતી મધુરીબેન કિશોરભાઈ વિકમશી (જખૌ-વડાલા) (G) શ્રી રતીલાલ શીવજી લોડાયા (કોઠારા-ઘાટકોપર) (H) શ્રી લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી (માંડવી-મુલુંડ), (I) શ્રી નવિનચંદ્ર માણેકજી મૈશરી (માંડવી-મુલુંડ), અને એવા બીજા અનેક...
(૩) આ લેખ લખવા માટે મારો સંપર્ક કરનાર વિશે વિશેષ માહિતી મેળવવા માટે KDOVP.Com ની એપ મને બહુજ ઉપયોગી નિવડી છે. એ એપના સંચાલક શ્રી કિરીટ મુનવર (જખૌ-અંધેરી-ઈ) અને તેમની સદાબહાર ટીમનો.

(૪) શ્રીમતી હર્ષા નવિનભાઈ છેડા (સુથરી-ગોરેગાંવ) જેમણે સમય સમય પર 'ચંદન' વિશે પુછપરછ કરી તેને મારા લેખમાં જીવંત રાખવા બદલ. (ચંદન પણ સુથરીની હતી.)

(૫) સી-ટેક કોમ્પ્યુટરના શ્રી જીનેશભાઈ દુબલ જેમણે આ લેખની ટાઈપ સેટીંગ કરી અને પ્ર.શ. સુધી ઈ-મેલ દ્વારા પહોંચાડવા બદલ તેમજ સમય સમય પર મારા લેખમાં જરૂરી સુચનો આપી લેખને વધુ અર્થ સભર બનાવવા બદલ. શ્રી જીનેશભાઈએ કવિ 'તેજ'ની તેજવાણીથી તેમનું છેલ્લું પુસ્તક ખીરખન સુધીના બધા પુસ્તકોનું ટાઈપ સેટીંગ કર્યું છે અને કવિ શ્રી 'તેજ'ની કવિતાના ભાવને સારી રીતે સમજી શકતા.

(૬) શ્રીમતી લતા સોમચંદ ધરમશીનો જેમણે વખતોવખત મારા લેખોના પ્રુફ રીડીંગ કરી તેમજ ક્યાંક ક્યાંક સુધારા વધારા કરી મારા લેખોને અનુપમ રૂપ આપવા બદલ.

તંત્રીશ્રી,

ઘણા વખત પહેલા આપે પુછેલા એક સવાલના જવાબમાં આ આખો લેખ ભગવત ગીતાના અઢાર અધ્યાયની માફક અઢાર મણકામાં પુરો તો થઈ ગયો પણ ''હું મુંબઈ-ડોમ્બીવલીનો રહેવાસી, ત્યાંની સામાજિક પ્રવૃત્તિઓમાં વિંટળાયેલો, બહોળું મિત્ર વર્તુળ ધરાવતો, કેરી, બેરી ને બાવરી, બ્યાં કંઢા ને કખ એવા કામણગારા કચ્છમાં ૨૦૦૩થી આનંદપૂર્વક સ્થાયી કેવી રીતે થઈ ગયો...???'' અધુરો જ રહી ગયો.... ચાલો થોડા દિવસ પછી ઓગષ્ટ મહિનાથી નવી શૃંખલા ''મારું મન મોહ્યું રે મોજીલા મંગલકારી ગામમાં - એટલે રેલડીયા મંજલમાં, મોરેવારી મંજલ''માં જરૂરથી આપીશ. છાપશો ને...?

**પ્રિય સોમ ભા,**

આપ પ્રકાશ સમીક્ષા પરિવારના જ સભ્ય છો તેમજ પ્રકાશ સમીક્ષાના લોકપ્રિય લેખકોમાંથી એક છો. પ્રકાશ સમીક્ષાના વાચકો આપની નવી લેખમાળા 'મારું મન મોહ્યું રે' વાંચવા આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. - ડૉ. હીરાચંદ દંડ

### કચ્છી કસબ - ૧૫૩ના જવાબો :

**આડી ચાવીઓ :**

(૧) મોજ (૨) તસ્તી (૩) ઉઢણ (૫) તોર (૬) વેઢાં (૭) સાવ (૮) જપાટો (૯) પે (૧૦) ભકાલો (૧૨) છેણા (૧૪) ફાંફાં (૧૫) ખોખડાય (૧૭) જાપતો (૧૯) ધ્રા (૨૦) વ્યાંણ (૨૧) હી (૨૨) સોકા (૨૩) ડાઈ (૨૪) બોરો (૨૫) ત્રી (૨૬) આકાય (૨૭) પંજ (૨૮) વય (૨૯) પેચકો (૩૧) ઠેકાણું (૩૫) રઈરઈને.

**ઉભી ચાવીઓ :**

(૧) મોતાજ (૨) તર (૩) ઉઠાં ભણાય (૪) બાવડા (૫) તોટો (૧૦) ભણાય (૧૧) ડખો (૧૨) છેડા (૧૩) ખપ (૧૪) ફાંટ (૧૬) ખસકાય (૧૭) જાણ (૧૮) તોબરો (૨૦) વ્યાંઈ (૨૨) સોકાય (૨૪) બોજણ (૨૬) આવણું (૩૦) ચરઈ (૩૧) ઠેર (૩૨) વઈ (૩૩) વે (૩૪) કીંબી.

નોંધ : કોઈપણ વાચકના બધા જવાબો સાચા નથી.

**ભાગ લેનારાઓના નામ :**

(૧) ભારતી સુર્યકાંત નાગડા - દાવણગીરી
(૨) ચેતના પ્રેમચંદ લોડાયા - વારાપધર

**શબ્દ કોયડો**

## કચ્છી કસબ - ૧૫૪


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**




| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ■ | ૫ | | |
| ૬ | | ■ | | ■ | | ■ | ૭ | ■ | ■ | ■ |
| ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | | ૧૧ | | |
| | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ | ■ | |
| | ■ | ૨૩ | ■ | ૨૪ | | ■ | ■ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | | ■ | | ■ | ■ | ૨૮ | ■ | | |
| | ■ | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | ■ | ૩૧ |
| | ■ | ૩૨ | | ■ | ■ | ૩૩ | | ■ | ૩૪ | |
| ૩૫ | | | ■ | ૩૬ | | | ■ | ૩૭ | | |

**આડી ચાવીઓ :**

૧) ચિંતા (worry) (૪)
૪) નક્કી (confirm) (૨)
૫) વસ્તુની કિનાર તૂટવી (Border part of thing broken) (૩)
૬) પ્રવાહી (Liquid) (૨)
૮) કાંડી (Match stick) (૨)
૯) આરોપ (Blame) (૨)
૧૦) ઈરાદાપૂર્વક (Purposely) (૫)
૧૨) મેલું (Dirty) (૨)
૧૪) નયન (eye) (૨)
૧૫) રોટલી (Chappati) (૨)
૧૬) કાઢ્યું (removed)(૨)
૧૭) રાખ (Ash) (૨)
૧૯) શરીરનો બાંધો (Body Structure) (૨)
૨૦) ત્રીજું (third) (૧)
૨૧) કુવો (well) (૨)
૨૪) ગાંડો માણસ (mad man) (૨)
૨૫) મદદ (help) (૩)
૨૭) પિતાનું કુટુંબ (Parental Family) (૩)
૨૯) હવાયેલો (dumped) (૨)
૩૦) ઘંટી (Handmill) (૩)
૩૨) વિશ્વાસ કરવો (to belive) (૨)
૩૩) ગાળ (Bad Language) (૨)
૩૪) વાળવું (to Bend) (૨)
૩૫) કરીયાવર (Bridal Assets) (૩)
૩૬) આવડવું (to know) (૩)
૩૭) સ્ત્રીનું સગપણ થવું (promise of Marriage of girl) (૩)

**ઊભી ચાવીઓ :**

૧) સરકાવવું (to move) (૪)
૨) સાસુ (Mother in law) (૩)
૩) તંદુરસ્ત (Physically fit) (૪)
૪) શરીર (Body) (૨)
૭) લઈ આવ (Bring it) (૪)
૧૧) કાંડી (Straw)(૨)
૧૨) બિલાડી (Cat/she) (૨)
૧૩) રદ્ કરવું (Cancle) (૪)
૧૫) બુદ્ધુ સ્ત્રી (Sily Lady) (૨)
૧૮) બહેન (Sister)(૩)
૧૯) બેચેન (Restless) (૬)
૨૨) ઝગડવું (to quarrel)(૨)
૨૩) ધીરજ (Patience)(૨)
૨૪) આખડીયો (chappati Roller Board) (૩)
૨૬) સુંદર (fine) (૨)
૨૮) ચંદ્ર (Moon)(૩)
૨૯) સડેખમ (Running of Nose) (૨)
૩૦) વલોવણું (to be churned) (૩)
૩૧) સ્ત્રીનું બળવું (Burning of body)(૩)
૩૨) નાખવું (to put)(૨)
૩૪) અટકાવવું (to resist) (૨)

**જીતો ઈનામો...** ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ - ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.

# અચલગચ્છની અખંડ સુવિહિત પરંપરા – સ્વપ્ન દ્રવ્ય સાધારણ દ્રવ્ય છે

સા. જયદર્શિતાશ્રીજી

પરિવર્તન સંસારનો નિયમ છે. જિનશાસન અંતરર્મુખી સાધનાને સ્વીકારતું.. આરાધતું... અનુમોદતું... પ્રેરક બળ છે. અભ્યંતર સાધના એ જ એનું હાર્ટ હતું અને છે. ચોથા આરા સુધી જિનશાસન જ્ઞાન-ધ્યાનની અપ્રમત્ત સાધનાથી હર્યુંભર્યું હતું પરંતુ ચોથા આરાની વિદાય અને પાંચમા આરાના પ્રારંભથી કળિકાળનો પ્રભાવ સાક્ષાત જોવા જાણવા અને અનુભવવા મળ્યો. પાંચમા આરાના પ્રારંભથી ધીરે ધીરે આત્મદ્રષ્ટિ, અંતરર્મુખી વ્યક્તિત્વમાં ઓછપ આવવા લાગી. બહિર્મુખતા વધવા લાગી. અભ્યંતર સાધના ઘટવા લાગી. બાહ્ય પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ થવા લાગી એના પરિણામે અધ્યાત્મિક પર્વાધિરાજ પર્વની ઉજવણીમાં પણ સમય અને સંજોગો મુજબ ફેરફાર થવા લાગ્યા. સમયને ઓળખી ગીતાર્થ મહાપુરૂષોને પણ ચતુર્વિધ શ્રી સંઘને ધર્મમાં જોડી રાખવા બાહ્ય આરાધના અને પ્રવૃત્તિઓને માન્યતા આપવી પડી. એવી રીતે પર્વાધિરાજ પર્વની એકાંત આરાધના સંઘમાં – સમુહમાં થવા લાગી, કલ્પસૂત્રનું શ્રી સંઘમાં વાંચન થવા લાગ્યું.. કલ્પસૂત્રનું બહુમાન જાળવવા વરઘોડા આદિનું આયોજન થવા લાગ્યું.

અંતર સાધના ઘટે અને બાહ્ય પ્રવૃત્તિ વધે એટલે ધર્મમાં ધનની આવશ્યકતા ઉભી થાય. જિન શાસન ઉપર બહારથી આક્રમણો વધવા લાગ્યા. જિન શાસનમાં આર્થિક ક્ષેત્રે મંદિની લહેર આવી. દેરાસર – ઉપાશ્રયાદિના નિભાવમાં મુશ્કેલીઓ વધવા લાગી. આજથી લગભગ ૨૨૫થી ૨૫૦ વરસ પહેલા શ્રી સંઘોએ આ કઠિન સમયમાંથી બહાર નિકળવા પરમોપકારી શાસનપતિશ્રી મહાવીર સ્વામીના જન્મ મહોત્સવને ઉજવવાનું અને એમાં ચૌદ સ્વપ્નની ઉછામણીનું આયોજન કર્યું. શ્રી સંઘોએ સંઘોના નિભાવ માટે ઉભી કરેલી આ વ્યવસ્થા છે. જિનશાસનમાં દેવદ્રવ્યમાં ક્યારે પણ કમી રહી નથી. જિન શાસનના દિલાવર શ્રાવકોએ સ્વદ્રવ્યથી જિનાલયો બંધાવી શ્રી સંઘોને સમર્પિત કર્યા છે. તો અન્ય શ્રાવક –શ્રાવિકાઓએ પોતાના ઘર અને ખેતર જિનાલયોના નિભાવ માટે અર્પણ કર્યો છે. તેથી શ્રી સંઘોએ જે વ્યવસ્થા ઉભી કરી હતી તે ફક્ત અને ફક્ત સાધારણ દ્રવ્ય માટે જ હતી. આ પરંપરા આજ દિવસ સુધી પ્રાચીન સંઘો નભાવી રહ્યા છે. જે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

છેલ્લા ૨૫ થી ૩૦ વરસથી સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્યનું લેબલ લગાડવાની અજ્ઞાન અને બાલિશ ચેષ્ટાઓ દ્વારા શ્રી સંઘોને નબળા પાડવાનું કાર્ય જિનશાસનમાં ચાલુ થયું છે. આજે ૪૦૦-૪૦૦ વરસના, ૨૦૦-૨૦૦ વરસના સંઘોમાં સ્વપ્નદ્રવ્ય એ સાધારણ દ્રવ્યની પરંપરા ચાલુ છે. એને શામ-દામ-દંડ-ભેદ લાલચ આદિ દ્વારા દેવદ્રવ્યમાં ફેરવવા માટેના પ્રયાસો જોર પકડી રહ્યા છે. આજથી ૫૦ વર્ષ પૂર્વે અચલગચ્છના ક્યા સંઘમાં  સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્યમાં જતું હતું તે તો જણાવો ? જે ફેરફારો કરવામાં આવ્યા છે તે અર્વાચીન છે. સાધારણની પરંપરા પ્રાચીન છે.

દોઢસોથી બસો વર્ષ પ્રાચીન કેટલાક મોટા સંઘોએ છેલ્લા ૭૦-૭૫ વરસના સમયમાં પોતાના શતાધિક વર્ષની અખંડ પરંપરાને ખંડિત કરીને સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્યમાં ફેરવીને પોતાના સંઘનું, પોતાના વડિલોનું અપમાન કર્યું છે. આજના ટ્રસ્ટીગણની પાસે શ્રી સંઘના વહિવટનું જે જ્ઞાન છે એના કરતા અનેકગણું જ્ઞાન તમારા શ્રી સંઘના વડીલો પાસે હતું. દેરાસરના વહિવટમાં એક પૈસાની પણ ગડબડ એમણે ક્યારે પણ નભાવી નથી. આજની આપણી પાપભીરૂતા કરતાં અનેકગણી પાપભીરૂતા એમની પાસે હતી. પહેલા બેંકો ન હતી. દેરાસરના પૈસા ગામના શેઠની પેઢીમાં રહેતા. શેઠનો કદાચ કર્મોદયે નબળો સમય આવતો તો રાતે મહાજન ભેગું કરી દેરાસરના પૈસા-દાગીના અને ચોપડા મહાજનને સોંપી દેતા. બીજા દિવસે કોર્ટમાં નાદારી નોંધાવતા. આજે આપણી પાસે આવી નિષ્ઠા અને પ્રામાણિકતા છે ખરી ? એમણે ચલાવેલી પરંપરાને ખંડિત કરવાનો, બદલાવવાનો આપણને કોઈ અધિકાર નથી. શું અચલગચ્છમાં છેલ્લા અઢીસો વરસમાં કોઈ ગીતાર્થ વિદ્વાન આચાર્ય નથી થયા ? એમણે સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્યમાં ફેરવવાની વાત કેમ ન કરી ?

અચલગચ્છની એક સુવિહિત પરંપરાને તોડવા જતા આપણને આપણા ગચ્છને છોડીને બીજા ગચ્છના ખોળે બેસવાનો પ્રસંગ ઉભો થશે, આજે પણ ક્યાંક ક્યાંક સ્વપ્ન દ્રવ્યને દેવદ્રવ્ય કહીને અષ્ટમંગલના ચઢાવા બોલવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સ્વપ્ન તો ત્રિશલામાતાને પરમાત્માના જન્મ પૂર્વે આવ્યા છે. એના ચઢાવા જો દેવદ્રવ્યમાં જાય તો ભગવાનની સામે આલેખાતા

(અનુસંધાન પાના નં. ૨૪)

# મળવા જેવા માણસ...

## શ્રીમતી મનીષાબેન ચેતન ગુલાબચંદ પોલડીયા (શાહ) – બાયઠ (થાણા)



આજે હું આપણી જ્ઞાતિના વ્યવસાયિક યુવા સન્નારી શ્રીમતી મનિષાબેન પોલડીયાનો પરિચય આપને કરાવીશ કે જેઓ આરોગ્ય ક્ષેત્રે જ્ઞાતિજનોને સતત મદદરૂપ થવા પ્રયત્નશીલ છે. મનીષાબેન શ્રીમતી સરોજબેન ચંદ્રકાંત જીવરાજ લાલકા – વારાપધર (હૈદરાબાદ)ના સુપુત્રી છે. મનીષાબેન અનેક વર્ષોથી આપણા જ્ઞાતિજનોને આરોગ્યલક્ષી સેવાઓ મેળવવા મદદરૂપ થઈ રહ્યાં છે. કોઈપણ પ્રકારની આરોગ્ય સેવાઓ અંગે મદદરૂપ થવા તેઓ તત્પર હોય છે.

અહિં હું બે પ્રસંગોનો ઉલ્લેખ કરવો જરૂરી ગણું છું. ઈ. સ. ૨૦૧૩માં મારા પિતાશ્રી જ્યુપીટર હોસ્પિટલમાં દાખલ હતા ત્યારે હું મનીષાબેનથી વ્યક્તિગત રીતે પરિચિત ન હતો. પણ જ્યારે તેમની જાણમાં આવ્યું કે કોઈ કે.ડી.ઓ જ્ઞાતિજન જ્યુપીટર હોસ્પિટલમાં એડમિટ છે ત્યારે તેઓ જાતે મને મળવા આવ્યા અને કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે તત્પરતા દર્શાવી. અને તાજેતરમાં થોડાક મહિના પહેલા મને ગદગથી ડૉ. પ્રદિપ ખોનાનો ફોન આવ્યો કે એક કેડીઓ જ્ઞાતિજનને ઉપચાર માટે આર્થિક સહાયતા જરૂરી છે. મેં તેમને મનીષાબેનનો ફોન નંબર આપી સંપર્ક કરવા કહ્યું. મનિષાબેને સમસ્ત મહાજન ક્રાઉડ ફંડીગ દ્વારા તે દરદી માટે જરૂરી આર્થિક મદદ ટુંકા ગાળામાં મેળવી આપી.

હાલમાં મનીષાબેન જ્યુપીટર હોસ્પિટલ ખાતે ચીફ ઓફ હ્યુમન રીસોર્સીસ તરીકે સેવારત છે. તેઓ જ્યુપીટર ગ્રુપ્સની થાણા – પુના અને ઈંદોરની હોસ્પિટલ તથા થાણા ખાતેની હોટલનાં મેનેજમેન્ટનું કાર્ય કરે છે. જેમાં ૬૦૦૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે. હું ઘણાં વર્ષોથી મનીષાબેનની આરોગ્યલક્ષી સેવાઓ તથા શિક્ષણ ક્ષેત્રમાં તેમના કાર્યોની નોંધ લઈ રહ્યો છું. તેઓ ખૂબ જ સુંદર, અભિનંદનીય કાર્ય કરી રહ્યાં છે. મનીષાબેનને 'પરબ' દ્વારા નારી શક્તિ એવોર્ડ સહિત અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેમણે સક્રિય રીતે અનેક મેડિકલ કેમ્પ આયોજિત કર્યા છે તથા અન્યોને પ્રોત્સાહન આપવાની સાથે સ સાથે પોતે પણ નિયમિત રક્તદાન કરે છે.

એક ખાસ વાત નોંધવી રહી કે, મનીષાબેન નાનપણથી પ્રકાસ સમીક્ષા સાથે જોડાયેલા છે. તેમના માતુશ્રી સરોજબેન પ્રકાસ સમીક્ષામાં નિયમિત રીતે લખતા હતા તેથી ઘરના યુવા સભ્યો પણ પ્રકાસ સમીક્ષા વાંચતા હતા. મનીષાબેને મને કહ્યું કે ખાસ પ્રકાસ સમીક્ષા વાંચવા માટે તેઓ ગુજરાતી શીખ્યા હતા. પ્રકાસ સમીક્ષાની તટસ્થતા તથા નીડરતાનો તેઓ આદર કરે છે. મનીષાબેનના પિયર તથા સાસરા બન્ને પક્ષના સભ્યો સુશિક્ષિત છે તે પણ ખૂબજ આનંદનો વિષય છે. તેમના માતા પિતા ગ્રેજ્યુએટ છે તથા સસરાજી એન્જિનીયર અને સાસુમા પણ ગ્રેજ્યુએટ હતા.

**પ્ર.સ. :** તમારા શિક્ષણ વિશે માહિતી આપશો ? તમે હૈદરાબાદ ખાતે ભણ્યા હશો ?

**મનીષાબેન :** મારો જન્મ અને ઉછેર કારંજા (વિદર્ભ)માં થયો છે. મારા માતા-પિતા કારંજામાં જ રહેતા હતા. કારંજા શૈક્ષણિક મથક છે અને ત્યાં અનેક સ્કુલ-કોલેજ આવેલી છે. મે મારું ગ્રેજ્યુએશન (બી.એસ.સી) કારંજામાંથી કર્યું તે પછી માતા-પિતા હૈદરાબાદ સ્થળાંતરિત થયા. મેં મારું એમ.બી.એ. (હેલ્થકેર) દિલ્હી યુનીવર્સીટીમાંથી કર્યું અને ડી.એચ.એમ. (હોસ્પિટલ મેનેજમેન્ટ કોર્સ) સંચેતી (પુના)થી કર્યું. ત્યારપછી મેં હ્યુમન રીસોર્સીસ મેનેજમેન્ટમાં માસ્ટર્સ (PGCHRM from XLRI) જમશેદપુરથી કર્યું. એડવાન્સ એચ.આર.એમ. મેં આઈ.આઈ.એમ. અમદાવાદમાંથી કર્યું છે.



**પ્ર.સ. :** તમે હેલ્થકેર વિભાગમાં શા માટે શિક્ષણ મેળવ્યું ?

**મનીષાબેન :** હું મારા માસી ડૉ. ઉષા હરીશ લાપસીયા – સુથરી (અંબરનાથ)ની ખૂબજ નીકટ હતી. નાપણમાં હું તેમની સાથે હોસ્પિટલ તથા ડીસ્પેન્સરીમાં જતી આવતી એટલે હંમેશા ડૉક્ટર બનવાના સપના જોતી હતી અથવા

મેડિકલ ફિલ્ડમાં જઈશ એવું વિચારતી હતી. મને ૨% માર્કસ ઓછા હોવાના કારણે મેડિકલમાં એડમિશન ન મળ્યું તેથી હેલ્થ કેર સેન્ટરમાં જોડાઈ ગઈ.

**પ્ર.સ. :** તમે તમારી કારકિર્દી કઈ રીતે શરૂ કરી ?

**મનીષાબેન :** ૧૯૯૫માં મારા લગ્ન થયા અને હું ડોંબવલી આવી ગઈ. મને મુંબઈમાં એક હોસ્પિટલમાં નોકરી મળી પણ આવવા જવામાં ટ્રેનની મુસાફરીની તકલીફ હતી તેથી ડોંબીવલીમાં એક કોમ્પ્યુટર કલાસીસમાં કોમ્પ્યુટર શીખવાનું શરૂ કર્યું જ્યાં પછીથી હું ટ્રેઈનર તરીકે પણ જોડાઈ. ૧૯૯૬માં મે મારા પોતાના કોમ્પ્યુટર કલાસ શરૂ કર્યા. મારો એક વિદ્યાર્થી વોકહાર્ટ હોસ્પિટલથી જોડાયેલ હતો. તેને મારા હેલ્થ કેર ફિલ્ડ વિશે જાણ્યું ત્યારે તેણે વોકહાર્ટ હોસ્પિટલ મુલુંડના મેનેજમેન્ટ સાથે મારો સંપર્ક કરાવી આપ્યો અને આમ હું ૨૦૦૨માં વોકહાર્ટ હોસ્પિટલના હેલ્થ ચેક વિભાગમાં જોડાઈ ગઈ. વર્ષ ૨૦૦૬માં મને ઈન્ટરનેશનલ બીઝનેશ એડમિનીસ્ટ્રેટર તરીકે પ્રમોશન મળ્યું. જે અંતર્ગત હોસ્પિટલમાં એક આખા માળાની સંપૂર્ણ જવાબદારી મને સોંપવામાં આવી. આ ફલોર ઉપર વિદેશી દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી. મારા ફરજના કલાકો ખૂબજ હતા પરંતુ મારા પતિ ચેતન તથા સાસુમાનું ખૂબજ પીઠબળ મળ્યું એટલે આ બધું થઈ શક્યું.

ઈ.સ. ૨૦૦૯માં હું જ્યુપીટર હોસ્પિટલ ગ્રુપમાં જોડાઈ અને આજે ચીફ હ્યુમન રીસોર્સીસ ઓફિસર તરીકે કાર્યરત છું તથા ૬૦૦૦થી વધુ કર્ચચારીઓ તથા ડૉક્ટર્સની સંભાળ લઉં છું.

**પ્ર.સ. :** તમે આપણા જ્ઞાતિજનોને મદદરૂપ થવાનું કઈ રીતે શરૂ કર્યું ? એ માટે કયું પરિબળ પ્રોત્સાહક બન્યું ?

**મનીષાબેન :** જ્યારે ડોંબીવલીમાં મેં કોમ્પ્યુટર કલાસીસ શરૂ કર્યા ત્યારે ડોંબીવલી મંડળ દ્વારા વિનંતી કરવામાં આવી કે જ્ઞાતિના વિદ્યાર્થીઓને ફીમાં કંઈક કન્સેશન આપો, જેનો મેં તરત જ સ્વીકાર કર્યો અને આમ હું જ્ઞાતિની નીકટ આવી. જ્યારે હું વોકહાર્ટ હોસ્પિટલમાં હતી ત્યારે ૨૦૦૪માં શ્રીમતી જયશ્રીબેન દંડ અને ડૉ. કાંતિલાલ દંડનું સૂચન મળ્યું કે પરબ નારી શક્તિ દ્વારા આપણા કે.ડી.ઓ. જ્ઞાતિજનોના હેલ્થ ચેકઅપ માટે કોઈ કન્સેશન મળે એવો પ્રયત્ન કરો. મેં આ માટે હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે વાતચીત કરી અને વર્ષ ૨૦૧૯ સુધી ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે રાહત દરે હેલ્થચેકઅપ કેમ્પ (૨૦૦૯થી જ્યુપીટર) આયોજિત થતા





રહ્યાં અને ૧૦૦૦૦થી વધુ જ્ઞાતિજનોએ એનો લાભ લીધો. આમ મને પણ લાગ્યું કે જ્ઞાતિને મદદરૂપ થવું જરૂરી છે.

**પ્ર.સ. :** તમે સમસ્ત મહાજનની મેડિકલ કમિટીના ચેરમેન તરીકે પ્રવૃત્ત છો. નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ (મુંબઈ મહાજન)ના મંત્રી છો તથા મુંબઈ મહાજનના કો. ઓપ્ટ મેમ્બર પણ છો આટલી બધી પ્રવત્તિઓનું સંકલન કરી રીતે કરી શકો છો ?

**મનીષાબેન :** હું માનું છું કે સખત પરિશ્રમનો કોઈજ વિકલ્પ નથી. હું મારી બધી જ જવાબદારીઓ પુરી કરવા સખત મહેનત કરું છું. સમસ્ત મહાજનમાં શ્રી નીશિથભાઈ દંડ માર્ગદર્શક વ્યક્તિ છે. ક્રાઉડ ફંડીગ એ તેમનો વિચાર હતો જે ખૂબજ સારી રીતે કારગર સાબિત થયો. અત્યાર સુધી રૂા. ૮૫ લાખથી વધુ રકમ દાન સ્વરૂપે પ્રાપ્ત થઈ છે.

નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કુમારભાઈ દંડ ખૂબજ હકારાત્મક તથા જ્ઞાનવાન વ્યક્તિ છે. તેઓ અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તેમજ વધુ પ્રવૃત્તિઓ વિચારાધીન પણ છે. મને શ્રી નીશિથભાઈ દંડ તથા કુમારભાઈ દંડ જેવી સકારાત્મક વ્યક્તિઓ સાથે કામ કરવાનો ખૂબજ આનંદ થાય છે અને તેમની પાસેથી મને પ્રોત્સાહન અને પીઠબળ મળી રહે છે. મેં અગાઉ જણાવ્યું તેમ મારા પરિવારના સભ્યો મારી સૌથી મોટી તાકાત તથા પ્રોત્સાહન છે.

**પ્ર.સ. :** મનીષાબેન, સમય કાઢી માહિતી આપવા બદલ ખૂબ ખૂબ આભાર. જ્ઞાતિજનો માટે કોઈ સંદેશ ?

**મનીષાબેન :** આપણે જ્ઞાતિને, સમાજને કંઈક પાછું આપવું જ જોઈએ. આપણી જ્ઞાતિએ આપણા માટે ઘણું બધું કર્યું છે એટલે આપણી પણ ફરજ બને છે કે આપણી જ્ઞાતિના જરૂરતમંદ ભાઈ-બહેનોને સહાયરૂપ થવું જોઈએ. જ્યારે ઈચ્છાશક્તિ પ્રબળ હોય ત્યારે તે માટે સમય મળી જ રહે છે.

**ડૉ. હીરાચંદ દંડ**

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## અનુમોદના...અનુમોદના...અનુમોદના...

કોરોનાના કપરા કાળમાં શ્રી ક.દ.ઓ. સ્ટુડન્ટ્સ એસોસિએશન ની નૉટબુક વિતરણ યોજના ૨૦૨૧ માં અમારી સાથે ઉભા રહી દાનની ગંગા વહાવનાર મુખ્ય દાતા **શ્રી રાંયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ** તથા **પ્લેટીનમ, ડાયમંડ, ગૉલ્ડન, સિલ્વર** એજ્યુકેશનલ દાતા પરીવાર, દરેક ગામના મહાજનશ્રીઓ, એકમો તથા સભ્યોને અમે ખોબલે ખોબલે બિરદાવીએ છીએ.

શબ્દો જડતા નથી આપને બિરદાવવા, છતાં હૈયુ આતુર બને છે અનુમોદના કરવા. આપનો સદ્‌ભાવ, સર્મપણ અને સદ્‌વ્યય જોઇ ગર્વ અનુભવાય છે.




ટોટલ ૧૫૦૦ ડઝન નૉટબુક પ્રિન્ટ કરાવવામાં આવી જેમાંથી ૧૧૫૦ ડઝન નૉટબુકો મુંબઇના અલગ અલગ સેંટરર્સ ડોમ્બીવલી, થાણા, મુંલુંડ, ભાડુંપ, કાન્જુરમાર્ગ, ઘાટકોપર, માટુંગા, વડાલા, મસ્જીદ બંદર, નવી મુંબઇ તથા વેસ્ટનના સેંટરરોથી વહેચણી કરવામાં આવી. ૩૫૦ ડઝન નૉટબુકો મુંબઇ બહારના એકમો જેવાકે...

**શ્રી ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમ :**
અમલનેર, અહમદનગર, ઔરંગાબાદ, ચોપડા, ધુલિયા, જલગાંવ, કરાડ, મલ્કાપુર, મુર્તિજાપુર, પાચોરા, પૂના, સાંગલી, સૉલાપુર

**શ્રી દક્ષિણભારત ક.દ.ઓ. એકમ :**
બેંગ્લોર, બીજાપુર, દાવણગિરિ, કલીકટ, કોચીન, ચેન્નઇ

**શ્રી ક.દ.ઓ. ઉત્તરભારત એકમ :** ખંડવા, સેંધવા

**શ્રી ક.દ.ઓ. પશ્ચિમભારત એકમ :** અમદાવાદ, વાપી મોકલવામાં આવી.

કોવિડ-૧૯ મહામારીના કારણે ફકત આજ વર્ષે નૉટબુક રૂ.૧૫૦/- ડઝન માં વિતરણ કરાઇ જેથી દરેક ક.દ.ઓ. સ્ટુડન્ટ્સ આ યોજનાનો લાભ લઇ શકે. ભવિષ્યમાં પણ આપ સૌના સાથ સહારની અપેક્ષા સાથે



મેનેજિંગ કમિટિ : પ્રમુખ - મીત સંજય મૈશેરી
ચિરાગ પ્રકાશ લોડાયા • ઉજ્જવલ પિયુષ લોડાયા • કાજલ દિલેશ ધ્રોલ
ઉમંગ મનીષ લોડાયા • ક્રિશા નિતીન સાયલા
પારસ મયુર ધરમશી • મોહિત અનિલ લાપસીયા
મિરલ સચીન દંડ • જૈનમ્ નિતીન નાગડા • પંક્તિ જતીન દંડ

Follow us on # SHREEKDOVS

## પ્લેટીનમ ડોનર

| | | |
|---|---|---|
| સંઘમાતા દમયંતીબેન ચાંપશી શાહ (લોખંડવાલા) | સાંધવ | ઘાટકોપર |
| શ્રી વિરજી લધાભાઈ ટ્રસ્ટ-મુંબઈ (હ. શ્રી શિવજી કુંવરજી વિકમસી) | રાણપર | લાલબાગ |
| શેઠ શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી | તેરા | માટુંગા |
| કુમાર ધવલ મયુર લોડાયા (હ. માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર) | મોટીખાવડી | ઘાટકોપર |
| સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા | સાંયરા | ઉજ્જૈન |
| સૌ. શોભાબેન લલિત ઠાકરશી નાગડા | નલિયા | ડોંબીવલી |
| સૌ. તારાબેન લલિત વાલજી મોતા | સુથરી | નાસિક |
| સૌ. મનીષાબેન કમલેશ વિસનજી મોતા | સુથરી | ઔરંગાબાદ |
| મે. એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ. | - | થાણા-જલગાંવ |
| માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (હ. શ્રી હીરાલાલ ડાઘા - મે. અંબા શિપીંગ એજન્સી) | વરાડીયા | માટુંગા |
| માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા પરિવાર (હ. મે. કિંજલ બ્યુટી પાર્લર) | મોટીખાવડી | ઘાટકોપર |

## ડાયમંડ ડોનર

| | | |
|---|---|---|
| સૌ. વિણા સમિત દિનેશ ખોના | જખૌ | વડોદરા |
| સૌ. ચાર્મિ પરાગ દિલીપ નાગડા | નલિયા | નવી મુંબઈ |
| સૌ. ભૂમિકા ગુંજન તિલેશ શિયાળ | જખૌ | યુ.એસ.એ. |
| એ. એસ. વિજયાબેન કુંવરજી લોડાયા | રાપર ગઢવારી | ભાંડુપ |
| અંબે મા ધરમશી પરિવાર | સુથરી | ચેમ્બુર |
| શ્રીમતી પ્રમિલાબેન ઠારકશી ગોસરની યાદમાં | બાયઠ | ઘાટકોપર |
| કુમારી પ્રિયાંશી અને કુ. પ્રીશા જયેશ લોડાયા | સાંધવ | મુલુંડ |
| મે. રજત લોજીસ્ટીક | - | ગાંધીધામ |
| મે. કેડેટ્રોનીક્સ | સાંયરા | ઘાટકોપર |
| મે. જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કાું. | - | મસ્જીદ બંદર |
| મે. કાંતિ કરમસી એન્ડ કાું. (વેલ્યુઅર્સ) (હ. શ્રી કાંતિ કરમસી) | જખૌ | મલબાર હીલ્સ |
| મે. મહાવીર સ્પોર્ટસ્ (હ. શ્રીમતી નયના અશોક લાપસીયા) | દલતુંગી | મુલુંડ |
| મે. રામજી દેવશી શાહ એન્ડ કાું. | મોટી ખાવડી | મસ્જીદ બંદર |
| મે. રસરંજન પ્યોર વેજ. ડોમ્બીવલી (વે) (હ. શ્રી પ્રફુલ ચીમનલાલ મોતા) | તેરા | ઘાટકોપર |
| માતુશ્રી દમયંતીબેન સનતકુમાર શાહ | મોટી સિંધોડી | સાયન |
| માતુશ્રી દેવકાંબાઈ મુલજી લાપસીયા | - | રાયચુર |
| માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ (હ. શ્રીમતી તેજલ રાજેશ શાહ) | મોટી સિંધોડી | સાયન |
| માતુશ્રી ધનકુંવરબેન ગોવિંદજી પદમશી લોડાયા | રવા | ઘાટકોપર |
| માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | કોઠારા | વિદ્યાવિહાર - ચાલીસગાંવ |
| માતુશ્રી નવલબેન ખેતસી પોલડિયા (હ. શ્રીમતી મધુરીબેન કિશોર વિકમસી) | જખૌ | વડાલા |
| માતુશ્રી સોનબાઈ જેઠાલાલ રાયશી લાપસીયા પરિવાર | દલતુંગી | મુલુંડ |
| નરસી ફેમિલી ચેરીટેબલ ટ્રસ્ટ | સુથરી | સાંતાક્રુઝ |
| સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા (મે. કલ્પતરુ રોડલાઈન્સ/અવની પ્રિન્ટ કેર) | વારાપધર | વાપી-ડોમ્બીવલી |
| સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| શ્રી ચેતન શાંતિલાલ ડાઘા | વરાડીયા | મુલુંડ |
| શ્રી હીરેન મણીલાલ દંડ | બાયઠ | દાદર |
| શ્રી મધુકાંત પદમશી દામજી ખોના | જખૌ | ઘાટકોપર |
| શ્રી વિનોદ રાયચંદ ધુલ્લાના સ્મરણાર્થે-માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી શાહ પરિવાર | સુથરી | મુલુંડ |
| શ્રીમતી મનોરમા તિલકચંદ લોડાયા | સાંયરા | ચેન્નઈ |
| શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ (મોમાયા) | સાંયરા | મુલુંડ |
| વહુ દિકરી સામાયિક મંડળ | - | સેક્ટર-૨૮(વાશી) |
| શુભેચ્છક | - | - |

## ગોલ્ડન ડોનર

| | | |
|---|---|---|
| મે. એક્ટીવ કારગો મુવર્સ | સાંધવ | ગાંધીધામ |
| બેલા મયુર ધુલ્લા હ. શ્રીમતી મીના ચીમન મોતા (હોટલ-શિખરજી કોન્ટીનેન્ટલ મધુબન એન્ડ હોટલ-તન-મન કોન્ટીનેન્ટલ, રાજગીર) | વારાપધર | મુલુંડ |
| કુમાર કુશ એન્ડ કુમારી કલી એન્ડ શ્રીમતી મયુરી પરેશ રાયચંદ છેડા | નલિયા | વાપી |
| સ્વ. કાંતાબેન વીરચંદ જૈન (લોડાયા) હ. સ્વ. કમલેશ વીરચંદ જૈન (લોડાયા) | જખૌ | સાંતાક્રુઝ |
| મે. ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ (હ. અશોક દામજી ડાઘા પરિવાર) | વરાડીયા | કોઈમ્બતુર |
| મે. ફાયબ્રોલ નોન આયોનિક્સ પ્રા.લિ. | સુથરી-નલીયા | મુલુંડ |
| મે. જે.કે. બ્રધર્સ (હ. શ્રી જીતેન્દ્ર નાગડા) | સુથરી | બેલાર્ડ એસ્ટેટ |
| મે. એક્ઝીમ ટ્રાન્સ ટ્રેડ પ્રા.લિ. (હ. શ્રી જયેશ ભાગચંદ જૈન) | કોઠારા | મુલુંડ |
| મે. સાંઈકલ્પ કન્સલટન્સી પ્રા.લિ. (હ. શ્રીમતી કલ્પના બંકિમચંદ લાલકા) | લાલા | મુલુંડ |
| મે. વિકેતા ઈલેક્ટ્રોનીક્સ | લાલા | અંકલેશ્વર |
| માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી | સુથરી | મુલુંડ |
| માતુશ્રી સોનબાઈ દામજી ધનજી નાગડા | રંગપુર | ઘાટકોપર |

## ગોલ્ડન ડોનર

| | | |
|---|---|---|
| માતુશ્રી હંસાબેન મણીલાલ કુરુવા પરિવાર | ગોધરા | મુલુંડ |
| માતુશ્રી હીરબાઇ જયચંદ નાગડા | નલિયા | માટુંગા |
| માતુશ્રી મણીબાઇ શામજી ખેતસી મૈશેરી | કુવાપધર | અહમદનગર |
| માતુશ્રી નવલબેન મણીલાલ દંડ | સેવક ભરૂડીયા | મુલુંડ |
| માતુશ્રી તારાબેન કુંવરજી ખીમજી દંડ (હ. શ્રી મનોજ કુંવરજી દંડ) | સેવક ભરૂડીયા | મુલુંડ |
| માતુશ્રી તારામતી લહેરચંદ શિવજી નાગડા | નલિયા | ઘાટકોપર |
| માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના | નલિયા | ઘાટકોપર |
| માતુશ્રી વેલબાઇ લધુભાઇ હીરજી લોડાયા પરિવાર (હ. શ્રીમતી ધનવંતીબેન પુનશીભાઇ લોડાયા) | રાપર | ઘાટકોપર |
| મે. માઇક્રોફીનીશ વાલ્વસ્ પ્રા.લિ. | વરાડીયા | હુબલી |
| શ્રી પદમશી કાનજી મૈશેરી ચેરીટેબલ ટ્રસ્ટ | રાપર ગઢવારી | ઘાટકોપર |
| શાહ લીલાધર નરશી મોટરવાલા પરિવાર (હ. એન.એલ. મોમાયા) | સાંયરા | માટુંગા |
| શ્રી બિપીન મહેશ્વરી | જખૌ | તિલકનગર |
| શ્રી સુનિલ ખેતશી ખોના | સુજાપર | સુરત |
| શ્રી ઉમરશી રામજી દંડ | લાલા | મલ્કાપુર |
| શ્રીમતી સીએ જયશ્રી નવીનભાઇ જૈન | બાયઠ | મુલુંડ |
| શ્રીમતી ધારીણી દીપક ડાઘા | વરાડીયા | મુલુંડ |
| શ્રીમતી ગુણવંતીબેન જયંતિલાલ મોમાયા (હ. મે. ધીરીશ ઇન્ટરનેશનલ) | વરાડીયા | બેંગલોર |
| શ્રીમતી કલાલક્ષ્મી પ્રતાપ હીરજી ધુલ્લા | જખૌ | વડાલા |
| શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા (મે. ગૌરવ કેટરર્સ) | વરાડીયા | હૈદ્રાબાદ |
| શ્રીમતી પિંકીબેન કમલેશ ધરમશી | જસાપર | ભાંડુપ |
| માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા (હ. મે. મોતા શીપીંગ એજન્સી) | લાખણીયા | વડાલા |
| શ્રીમતી શીલાબેન ભરત હંસરાજડાઘા | વરાડીયા | મુલુંડ |
| એડ. કુ. પાયલ ભરત ખોના | સુથરી | નવી મુંબઇ |

## સિલ્વર ડોનર

| | | |
|---|---|---|
| કુ. ક્રિશા સમીત દીનેશ ખોના | જખૌ | વડોદરા |
| કુ. ખુશી ગુંજન તિલેશ શિયાળ | જખૌ | યુ.એસ.એ. |
| કુ. હેતવી આકાશ દીપક રતનશી લોડાયા | સાંયરા | પુણે |
| સંઘમાતા વિજયાબેન વિરેન્દ્રભાઇ લોડાયા પરિવાર (હ. મે. સી નરશી રોડવેઝ) | બાંડીયા | અમદાવાદ |
| મે. આદિત્ય રોડલાઇન્સ (હ. શ્રીમતી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર) | નાની સિંધોડી | વડાલા |
| શ્રી ખુશાલ તલકચંદ નાગડા | નલિયા | મુલુંડ |
| કુ. લીશા એન્ડ કુ. તન્મય મનીષ ડાઘા | વરાડીયા | મુલુંડ |
| મે. આયડલ ટ્રાન્સપોર્ટ | વરાડીયા | મસ્જીદ બંદર |
| મે. નરેન્દ્ર એસ. શાહ એન્ડ એસોસીએટસ્ (હ. શ્રી નરેન્દ્ર દંડ) | તેરા | મુલુંડ |
| મે. ટીકીટાર ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયા લિ. | રાયધણજર | મુંબઇ-વડોદરા |
| મે. વિક્રોલી ઓટોમોબાઇલસ્ | જખૌ | મુલુંડ |
| મે. ઝેનીથ યુનિવર્સલ એલએલપી. (હ. સ્મિત, હેતવી, જશ, વીર, હર્ષ, નીલ) | પરજાઉ | ઘાટકોપર |
| માતુશ્રી લીલાવંતીબેન રાયચંદ નરશી ધ્રોલ | સાંયરા | બોરીવલી-ડોમ્બીવલી |
| માતુશ્રી ધનલક્ષ્મીબેન ખેતશી દામજી દૌલત પરિવાર | સુથરી | ડોમ્બીવલી |
| માતુશ્રી ગંગાબાઇ લીલાધર નરશી મોમાયા (હ. ધનેશ વિજયભાઇ મોમાયા) | સાંયરા | માટુંગા |
| માતુશ્રી ગીતા નવીનચંદ્ર લોડાયા (હ. ભાવિની મનીષ લોડાયા) | વારાપધર | વડાલા-મુલુંડ |
| માતુશ્રી ગુણવંતીબેન વાલજી ભવાનજી ધરમશી (વૈભવ ડ્રાયફ્રુટસ્) | કોઠારા | વડાલા |
| માતુશ્રી હીરબાઇ ચાંપશી ભારમલ નાગડા | રાપર-ગઢવારી | મસ્જીદ બંદર |
| માતુશ્રી જયાબેન વિસનજી હીરજી લોડાયા પરિવાર | મોટી ખાવડી | મુલુંડ |
| માતુશ્રી કંચનબેન (દીપાલીબેન) ગુલાબચંદ ત્રિકમજી નાગડા | રંગપુર | મુલુંડ |
| માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી (લોડાયા) પરિવાર (હ. મે. કુલીન જ્વેલર્સ) | કોઠારા | ઘાટકોપર |
| માતુશ્રી મધુરીબેન મણીલાલ વિસનજી મોમાયા | સુથરી | ભાંડુપ |
| માતુશ્રી મણીબાઇ કુંવરજી ખીમજી મોતા | સાંધવ | ડોમ્બીવલી |
| માતુશ્રી નવલબાઇ સોમચંદ મુનવર | જખૌ | બેલારી |
| માતુશ્રી રમીલાબેન શિવજી લોડાયા | કોઠારા | મુલુંડ |
| માતુશ્રી સુશિલાબેન જવેરચંદ ધરમશી | મંજલ રેલડીયા | અંધેરી |
| માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા | રાપર ગઢવારી | ઘાટકોપર |
| માતુશ્રી વાલબાઇ દામજી નરશી ધ્રોલ | સાંયરા | ડોમ્બીવલી |
| શ્રી મયુર ખીમજી વિકમશી | રાણપર | વડાલા |
| સાંધવરત્ન શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા | સાંધવ | દાદર |
| શ્રી દામજી નરશી સોની | વાંકુ | મુંબઇ |
| શ્રી મહેન્દ્ર પદમશી પીર | સુથરી | ડોમ્બીવલી |
| શ્રી રાયચંદ માલશી મોતા પરિવાર | કુવાપધર | સેલમ |
| શ્રી ઉર્મિલકુમાર રતિલાલ મોમાયા | જખૌ | વડાલા |
| શ્રીમતી અરૂણા જગદીશ લોડાયા (હ. મે. પ્રતિક કલેક્શન) | સેવક ભરૂડીયા | ડોમ્બીવલી |
| શ્રીમતી માનસી યમીશ ધરમશી | સુથરી | બોરીવલી |
| માતુશ્રી સુમીતીબેન સોમચંદ દંડ અને માતુશ્રી મીઠીબાઇ ત્રિકમજી દંડ | વરાડીયા | વડાલા |
| મે. મા ઓમ પરિવહન પ્રા.લિ. | અરીખાણા | મુલુંડ |
| માતુશ્રી સુશિલાબેન કાંતિલાલ ધરમશી | સેવક ભરૂડીયા | વડાલા |
| મે. લકી પ્રિન્ટર્સ એન્ડ પેક પ્રા.લિ. | સુથરી | મુલુંડ |
| શુભેચ્છક | - | - |

# દેરાસરોમાં – જર ઝવેરાત

જૈન દેરાસરોમાં વાર તહેવારે, પર્યુષણમાં,અઢાર અભિષેક, અનુષ્ઠાન, ધજા જેવા પ્રસંગોમાં ધર્મોત્સવોમાં, અવારનવાર ભગવાનને આભુષણો હીરા, મોતી, સોનાના ઘરેણા, ચાંદીના વાસૌ વિગેરે ધરવામાં આવે છે, અર્પણ કરવામાં આવે છે.

શહેરો મોટા હોય કે નાના ગામડા હોય, ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર, તીર્થસ્થળ હોય કે અન્ય પવિત્ર સ્થળ, સર્વત્ર જૈન ધર્મપ્રેમીઓ ઈષ્ટદેવની કૃપા પામવા, પોતાની મોંઘામાં મોંઘી વસ્તુ ચડાવવા તૈયાર થઈ જાય છે અને ખુબ જ શ્રદ્ધાથી અર્પણ કરે છે.

શ્રદ્ધાળુ શ્રાવકો ખુબ જ ઉમદા ભાવના અને શ્રદ્ધાથી નવા આભૂષણો, રૂપિયા, સોના, ચાંદીના સિક્કા વિગેરે ભગવાનને અર્પણ કરે છે. પ્રભુજીને જુના તથા નવાથી સુશોભિત કરવામાં આવે છે.

આ 'આભુષણો' સર્વે સ્થાનિક વહીવટ સંભાળતા ટ્રસ્ટીઓ, અધિકારીઓ, પુજારી વિગેરેને એ બધુંય સુપ્રત થાય છે. ઉજવણી બાદ તેઓ તિજોરીમાં /કબાટમાં જમા કરે છે. તેની નોંધ નવી આઈટમનું કદાચ હળવું ડીસ્ક્રીપશન પણ નોંધાતુંય હશે.

કોઈપણ પુજન, તહેવાર, ઉત્સવ વિગેરે પત્યા પછી, ભગવાનની મૂર્તિ પરથી તે ઉતારી, તેની નોંધ ટપકાવી, પાછા તેને યથાસ્થાને મુકવામાં આવે છે. આજના કાળે વિશ્વાસે વહાણ વહેંતા મૂકી દેવોનો સમય હવે રહ્યો નથી. વહીવટકર્તાઓ સો ટચના સોના હોવા છતાં અન્યના ભરોસે સંઘની મિલ્કતોની સુરક્ષાચક્રમાં ક્યારેક અવળા પરિણામો આવી શકે છે.

વતનના નાના ગામડામાં વસ્તી તુટી જવાથી, ભેંકાર અને સુનકાર વાતાવરણમાં મંદિરો અને સંઘની મિલ્કતોની દેખભાળ કરનારાની મતિ મરી જાય એવું પણ બને. સંઘની મિલ્કતોની સુરક્ષા માટેના ઉચિત પગલાં સવેળાસર લેવા જોઈએ. વહીવટદારોની દેખભાળની અને સંભાળની નૈતિક જવાબદારી માટે સજાગ રહેવું અત્યંત જરૂરી છે.

આજના કળીયુગમાં અહેવાલો, કિસ્સાઓ, પ્રસંગો એવા છપાય છે કે કોઈક ગામમાં કોઈક સ્થળે, કેટલાક ધર્મના પુજારીએ, ટ્રસ્ટીએ કે અધિકારીએ એવા અસલી દાગીના બદલી,નકલી વસ્તુ તિજોરીમાં જમા કરાવી અને અસલી વસ્તુ છૂ થઈ જાય છે. તેઓ ચોરી છુપીથી પડાલી લે છે.

સોના ચાંદી ઝવેરાતના વેલ્યુઅર પણ એ આભૂષણોની કિંમત આંકવામાં મદદરૂપ બની શકે. વાર્ષિક હિસાબોનું ઓટિડ કરતા ઓડિટર પણ વ્યસ્તતાને કારણે સંસ્થાના સર્ટિફિકેટ લઈ, આવા રજીસ્ટર, નોંધણીપત્રક, સ્ટોકબુક વિગેરે પર નજર નાંખવાનું ટાળે છે.

હકીકતમાં ઈન્વેન્ટરીમાં જમા ઉધાર પાસાં બરાબર જોવાની તેમની ડ્યુટી છે. પણ સમયના અભાવે કે વિશ્વાસના ટેકે નજરઅંદાજ થાય છે. એટલે એ બધુંય ભગવાન ભરોસે રહે છે. આવા સંજોગોમાં આપણા ક.દ.ઓ. જૈન દેરાસરોમાં એક સ્પેશ્યલ ઓડીટ થવું જરૂરી છે.

પ્રાયોગિક ધોરણે આપણાં પંચતિર્થી તેમજ નાની પંચતીર્થીના દેરાસરનું આવું સોશ્યલ ઓડીટ થવું જોઈએ, તેમ માનીએ છીએ. સાથે સાથે રૂા. ૧૦,૦૦૦/- થી વધુ કિંમતની બધીય આઈટમોનું વિડીયોકરણ પણ થાય તો સોનામાં સુગંધ ભળે.

ટ્રસ્ટી, પુજારીના ફીંગરપ્રીન્ટ, પેનકાર્ડ, આધાર કાર્ડ, ફોટા તેમજ CCTV કેમેરા વિગેરેની ગોઠવણી જેવા આધુનિક પગલાં લેવાયા છે કે કેમ તેની પણ નોંધ લેવી રહી.

હાલમાં તેમજ ભુતકાળના કોઈપણ ટ્રસ્ટી મહાશયો પર લેશમાત્ર તસુભાર શંકા કુશંકા વિના, ફક્ત સમાજ અને ધર્મ ઉત્કર્ષાર્થે આ પ્રક્રિયા અપનાવવા વિનંતી છે. આથી પ્રચલિત પારદર્શિતા જળવાશે. એક કાયમી રેકોર્ડ બધાય દેરાસરમાં સમાનતાના ધોરણે રજીસ્ટરમાં નોંધાશે. તેમાં વજન, મેટલનો પ્રકાર, ડીઝાઈનનું આછું વર્ણન વિગેરે પણ નોંધાય.

આજે જયારે સર્વત્ર પ્રામાણિકતાનું બાષ્પીભવન થઈ રહ્યું છે ત્યારે આપણા સમાજની મિલ્કત પણ સારી રીતે સચવાયેલી રહે અને તેને આંચ પણ ન આવે, તેની અગમચેતી રૂપે આ નવતર પ્રયોગ હાથ ધરવાની આ યોજના છે.

### દેરાસરોમાં જમીન જાયદાદ

ઉપરાંત દેરાસરજીને દાનમાં કે ભેટરૂપે સુપ્રત થયેલી જમીન, વાડી, રૂમ, વંડો વિગેરે ટ્રસ્ટને નામે થયેલી છે, કાયદેસર હક્કદાર થયેલ છે વિગેરે જાણકારી સંસ્થાના અધિકારીને તો હોવી જ જોઈએ. લીગલ જાણકાર સેવાભાવીઓ આ કામ સરળતાથી પાર પાડી પોતાના જ્ઞાન, અનુભવનું નીચોડ સમાજને અર્પણ કરી શકે.

### ઉછામણી

ઉછામણીની નિશ્ચિત રકમ બોલાયા બાદ ચઢાવો લેનાર તેટલી રકમના દાતાનું નામ સરનામું નોંધાયા સાથે પુજારી ટ્રસ્ટીની સહી થાય છે કે નહીં તે જોવું રહ્યું. તે માટે તેમની સહી, તારીખ, રસીદનંબર કે જે કાંઈ નંબર હોય તેની પણ નોંધ થવી જોઈએ. બાકી ઉઘરાણી માટે સમયસરના ટ્રેક રાખી જરૂરી ફોલોઅપ થાય છે કે ? વિગેરે જોવું રહ્યું.

CA **કુલીનકાંત ચાંપશી લુઢીયા – ૯૮૨૦૦ ૩૯૪૬૯**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

# વૃદ્ધાવસ્થાની વાસ્તવિકતા

વૃદ્ધાવસ્થા એ એક વાસ્તવિકતા છે, જેને આપણે બધાંએ જ સ્વીકારવાની અને એ માટે તૈયાર થવાની જરૂર છે. The Sky Gets Dark Slowly નામની Zhou Daxin લિખિત નવલકથામાં વૃદ્ધાવસ્થાની સંવેદનશીલ વાતો અને વૃદ્ધોના જટિલ ભાવનાત્મક જગતનું વર્ણન છે. તેમાં તે લખે છે કે... ઘણાં વૃધ્ધોને લાગે છે કે તેઓ બધું જ જાણે છે, પરંતુ વૃદ્ધાવસ્થા વિષે તેઓ હકીકતમાં બાળકો જેટલાં જ અજ્ઞાની છે. ઘણાં વૃદ્ધો હકીકતમાં જ્યારે વૃદ્ધ થવાની વાત આવે ત્યારે તેઓની આગળ જે પરિસ્થિતિ આવે તેના માટે બિલકુલ જ તૈયાર નથી હોતા. તમારી ૬૦ વર્ષની વય પછી, અને મૃત્યુની ઘડી આવે ત્યાં સુધી, કેટલીક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવાની જરુર છે, જેથી તમે જે આવવાનું છે તેના માટે તૈયાર રહો અને તમે ગભરાવ નહીં.

(૧) તમારી આજુ- બાજુના લોકો ઘટવાનું ચાલુ થશે. તમારા માતા-પિતા અને દાદા-દાદીની પેઢીના લોકો મોટા ભાગે ઘટી રહ્યાં હશે, જ્યારે તમારા ઘણાં હમઉમ્ર માટે પોતાને સંભાળવાનું વધુને વધુ મુશ્કેલ બનશે, અને યુવા પેઢીના બધાં લોકો તેમના પોતાના જીવનમાં વ્યસ્ત રહેશે. તમારી પત્ની અથવા પતિ પણ તમારા ધાર્યા કરતાં વહેલાં મૃત્યુ પામી શકે છે, અને પછી જે થશે તે ખાલીપણું હશે. તમારે એકલાં કેવી રીતે રહેવું અને એકાંતનો આનંદ કેમ માણવો તે શીખવું પડશે.

(૨) સમાજનું તમારા તરફનું ધ્યાન ઘટતું જશે. તમારી અગાઉની કારકીર્દી ગમે તેટલી ગૌરવપૂર્ણ હતી અથવા તમે કેટલા પ્રખ્યાત હતા તે મહત્વનું નહિ રહે, ઉંમર તમને હંમેશાં વૃદ્ધ કે વૃદ્ધામાં પરિવર્તિત કરશે. સ્પોટલાઇટ હવે તમારા પર ચમકશે નહીં અને તમારે એક ખૂણામાં શાંતિથી રહેવાનું શીખવું પડશે, તમારા માટેના બીજાના મંતવ્યોને સ્વીકારી લેવા જોઈશે અને તમારે ઈર્ષ્યા અને બડબડવાની ઇચ્છાને દૂર કરવી જોઈશે.

(૩) આગળનો રસ્તો વિઘ્નોવાળો અને અનિશ્ચિતતા શ્ચિન્તતાથી ભરેલો હશે. અસ્થિભંગ, હૃદયને લગતાં રોગ, મગજની કૃશતા, ઘૂંટણનો ઘસારો, કેન્સર વિગેરે સંભવિત બીમારી છે, જે તમને કોઈ પણ સમયે આવી શકે છે, અને તમે તેને રોકી શકશો નહીં.તમારે માંદગી અને બિમારીઓ સાથે જીવવું પડશે, તેમને સાથી તરીકે જોવા પડશે. તમારા શરીરમાં કોઈ તકલીફ વગરના સ્થિર, શાંત દિવસો આવે એવી કલ્પના પણ કરશો નહિ. સકારાત્મક માનસિકતા જાળવી રાખી અને યોગ્ય, પર્યાપ્ત કસરત કરવી એ ખુબ જ જરૂરી છે, અને આ નિયમિત ચાલુ રહે તે માટે ખુબ જ મનોબળની પણ જરૂર પડશે.

(૪) પથારીવશ જીવન એટલે બાળપણમાં પરત થવા જેવું જીવન આવી શકે છે. માતાએ આ જન્મ આપી અને પથારી પર સુવાડ્યા, અને હવે અનેક વળાંકવાળી સફર અને સંઘર્ષમય જીવન પછી, તમે તમારી પ્રારંભિક સ્થિતિ એટલે કે -પથારી અને અન્ય લોકો દ્વારા સંભાળ રાખવાની સ્થિતિમાં પાછાં ફરો છો.ફરક માત્ર એટલો જ છે કે, ત્યારે આપણી માતાએ આપણી સંભાળ રાખી હતી, જ્યારે હવે રવાના થવાની તૈયારી કરીશું, ત્યારે આપણી સંભાળ રાખવાવાળા સગા હાજર ન પણ હોય. કદાચ આપના સગા હોય, પણ તેમની સંભાળ તમારી માતાની નજીક ક્યારેય નહીં આવે. બની શકે કે નર્સિંગ સ્ટાફ તમારી સંભાળ લે; જે ભાગ્યે જ તમારી સાથે લાગણીથી જોડાયેલા હશે. શાંતિથી પડ્યા રહેજો અને એમનું કામ મુશ્કેલ ન કરશો. એમનો આભાર માનવાનું ભૂલશો નહિ.

(૫) દુનિયામાં ઘણાં બધાં ધુતારા છે તે બધાં જાણે છે કે વૃદ્ધો પાસે ઘણી બધી બચત હોય છે, અને તેઓ તમારી સાથે છેતરપિંડી કરવાની રીત જાણતાં હશેઃ આ માટે તેઓ ફોન કોલ્સ, ટેક્સ્ટ સંદેશાઓ, મેઇલ, ફૂડ અને પ્રોડક્ટના નમૂનાઓ, દીર્ઘાયુષ્ય માટે ના કીમિયા દ્વારા તમારા પૈસા પડાવવા કોશિશ કરશે. સાવચેત રહો, તમારા પૈસા તમારી પાસે રાખો. તમારા પૈસા સમજદારીપૂર્વક ખર્ચ કરો. અંધારૂં થાય તે પહેલાં, જીવનની અંતિમ યાત્રા ધીરે ધીરે ડીમ થતી જશે; સ્વાભાવિક રીતે તમે જે માર્ગ તરફ પ્રયાણ કરી રહ્યાં છો તે મુશ્કેલ બનશે અને આગળ વધવું વધુ મુશ્કેલ રહેશે. ૬૦ વર્ષના થયા પછી જીવન જે છે તેને વળગી રહેવું. આપણે જે કરી શકીએ તેમાં જીવનનો આનંદ માણવો અને સમાજની


**મેતાજી જોઈએ છે.**

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ**

ચાલીસગાંવ માટે કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. ઉંમર ૫૦ થી અંદર રહેવાની વ્યવસ્થા છે. ગુજરાતી લખતા આવડવું જોઈએ. **સંપર્ક : પ્રમુખ : ઈન્દ્રેશ દેવજીભાઈ પોલડીયા**

C/o. નવલ ઈલેક્ટ્રોનિક્સ, ગણેશ ક્રોસ રોડ,

ચાલીસગાંવ - ૪૨૧ ૧૦૧. જી. જલગાંવ.

**બાયોડેટા ઉપરના સરનામે મોકલવો.**

મુશ્કેલીઓ અથવા તમારા બાળકો અને પૌત્ર-પૌત્રોની બાબતો પોતાના માથે ન લેવી. નમ્ર રહો તમારી પોતાની વયને લીધે ચડિયાતા હોવાની કોશિશ ન કરો – આ બધું તમને અને બીજાને નુકસાન જ કરશે.

જેમ જેમ આપણે વૃદ્ધ થતાં જઈએ છીએ, તેમ આપણે સમજવું જોઈએ કે આદર શું છે અને તેનું શું મહત્વ છે. તમારા જીવનના આ પછીના દિવસોમાં તમારે બધી લાગણીઓના બંધનોને છોડી દેવા અને માનસિક રૂપે તમારી જાતને તૈયાર કરવી પડશે. આપણાં બધાંને લાગુ પડતું એક ખૂબ સુંદર લખાણ મમળાવીએ. હમણાં જ દિવસ શરૂ થયો અને સાંજના છ વાગી ગયા ! હમણાં જ સોમવાર ગયો અને શુક્રવાર આવી ગયો ! ....અને મહિનો લગભગ પૂરો થઈ ગયો.... અને વર્ષ લગભગ પૂર્ણ થવાની તૈયારીમાં છે. અને પહેલાંથી જ આપણાં જીવનના ૫૦ અથવા ૬૦ અથવા ૭૦ વર્ષ પસાર થઈ ગયા છે. અને જાણ્યું કે –આપણે માતાપિતા, અને મિત્રો ગુમાવ્યા છે, અને આપણને ખ્યાલ આવે છે કે પાછા જવા માટે ખૂબ મોડું થયું છે!

તો ચાલો, આપણે જે સમય બચ્યો છે, તેનો પૂરો ફાયદો ઉઠાવવાનો પ્રયત્ન કરીએ. ચાલો, આપણે ગમતી પ્રવૃત્તિઓ શોધવાનું બંધ ન કરીએ. ચાલો, આપણાં જીવનમાં રંગ ભરીએ. ચાલો, જીવનની નાની નાની વસ્તુઓ પર સ્મિત કરીએ, જે આપણાં હૃદયને શાતા આપે છે. ખુબ મોડું થઇ ગયું છે છતાં, આપણે બાકી રહેલો સમય સારી રીતે માણવો જ જોઈએ. ચાલો ''પછી'' ને દૂર કરવાનો પ્રયાસ કરીએ.

હું તે પછી કરીશ ... હું પછી કહીશ ... હું તે પછી તેના વિશે વિચાર કરીશ ...

આપણે 'પછી' માટે બધું છોડીએ છીએ, જાણે ''પછી'' આપણું જ રહેવાનું હોય. કારણ કે આપણે સમજી શકતાં નથી કે : પછી, કોફી ઠંડી થઇ જશે...

પછી, પ્રાયોરિટી બદલાઈ જશે... પછી, એનો મોહ નહિ રહે... પછી, આરોગ્ય કથળશે... પછી, બાળકો મોટા થશે... પછી, માતાપિતા વૃદ્ધ થાય છે... પછી, વચનો ભૂલી જવાય છે... પછી, દિવસ રાત થઇ જાય છે... પછી, જીવન સમાપ્ત થઈ જાય છે... અને તે પછી, લાગે છે કે, ઘણું મોડું થઇ ગયું .... તેથી ...'પછી' માટે કાંઈ છોડશો નહીં ...

– કુમાર બાબુભાઈ દંડ – તેરા, ભાડુંપ

## દુઃખદ નિધન



### નલિનીબેન પ્રવિણચંદ્ર ધરમશી

**કોઠારા – સુરત**

પ્રકાશ સમીક્ષાના નિયમિત કટાર લેખક શ્રી પ્રવિણચંદ્ર ધરમશીના ધર્મપત્ની શ્રીમતી નલિનીબેનનું તા. ૨૫-૦૬-૨૧ના રોજ સૂરત ખાતે દુઃખદ નિધન થયું છે. શ્રીમતી નલિનીબેને સૂરત ખાતે અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રિન્સીપાલ તરીકે સેવાઓ આપી હતી તેમજ સૂરતમાં અનેક સામાજીક સેવા પ્રકલ્પોમાં સંકળાયેલા હતા. એમના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

(પાના નં. ૧૬નું અનુસંધાન)

અષ્ટમંગલના (જયાં ચોખા જાય ત્યાં જાય) ચઢાવા ક્યાં જાય ? અષ્ટમંગલમાંથી આપણે સ્વસ્તિક કે ગહુલી ભગવાન સામે આલેખીએ એના ચોખા શેમાં જાય ? સાધારણમાં કે દેવદ્રવ્યમાં ? ચૌદ સ્વપ્ન દેરાસરમાં નિત્ય ભગવાનની સામે રાખવામાં આવતા નથી જયારે અષ્ટમંગલની પાટલી તો જિનાલયમાં હોય જ છે અને એ પ્રભુજીની સામે રાખવામાં આવે છે. ઘરના બારણે રહેલા અષ્ટમંગલની કિંમત અને મંગલતાના મુલ્ય એ પ્રભુ સામે આલેખાયા માટે જ છે. જિનશાસનની દરેક વસ્તુ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જિનેશ્વર સાથે જોડાયેલી છે તેથી જ તેનું મુલ્ય કે દરેક વસ્તુને પરમાત્મા સાથે જોડાયેલી છે એમ કહી એને દેવદ્રવ્ય માનીશું તો ઘણા પ્રશ્ન ઉપસ્થિત થશે, જેના આપણી પાસે કોઈ જવાબ નહીં હોય. સુજ્ઞ વિચારે અવળામાર્ગે ચઢ્યા હોય તો સત્વરે ત્યાંથી પાછા ફરી પોતાના ગચ્છ – સંઘ અને વડિલોની સુવિહિત પરંપરાને વફાદાર રહે એજ અંતરના આશીર્વાદ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

આરોગ્ય પ્રકાશ

# સંગ્રહણી - ઈરીટેબલ બોવલ સીન્ડ્રોમ



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

સંગ્રહણી એટલે કે ઈરીટેબલ બોવેલ સીન્ડ્રોમ જેને IBS (ટુંકાણમાં) તેમજ સ્પાસ્ટીક કોલોન પણ કહે છે. બોવેલ એટલે આંતરડા, કોલોન એટલે મોટું આંતરડું. ઈરીટેબલ એટલે જલ્દીથી ડિસ્ટર્બ થઈ જાય, ઉત્તેજીત થઈ જાય. આ આંતરડાની બિમારી છે ખાસ કરીને મોટા આંતરડાની, જેમાં દરદીના આંતરડા બરાબર કામ કરતા નથી. દરદી કાંઈપણ ખાય એટલે એને તરત જ પેટમાં ચૂંક પડે અને ટોયલેટ જવું પડે. બિમારી આગળ વધે તો દરદીને પાણી પીએ તો પણ તરત જ ટોયલેટ જવું પડે. ૧૪ થી ૬૦ વર્ષની ઉંમરવાળાને આ બિમારી લાગુ પડવાની શક્યતા વધુ છે. નાનપણમાં અને ૬૦થી વધુ ઉંમરવાળાને આ બિમારી ઓછી થાય છે. સ્ત્રીઓને આ બિમારી વધુ થાય છે. અનુવાંશિક બિમારી છે. કુટુંબમાં કોઈનેય આ બિમારી હોય તો અન્ય સભ્યોને પણ લાગુ પડી શકે છે. ભારતમાં વર્ષમાં દશ લાખ દરદીઓ નોંધાય છે. આ બિમારી આંતરડાના હલનચલન (સંકોચન - અન્નને આગળ વધારવાની ક્રિયા) ની તકલીફ હોય છે નહીં કે આંતરડાની પાચન કરવાની લેયર (પડ) ને નુકસાન. અન્નના પાચનતંત્રના અવયવના ફેરફારને લીધે કયારેક જુલાબ તો ક્યારેક કબજીયાત જે વારાફરતી હોય છે. આ બીમારી ક્રોનીક થાય છે ત્યારે વર્ષો સુધી રહે કે કયારેક જીંદગીભર તકલીફ રહે છે.

**કારણ :** આ બિમારીના દર્દીઓમાં આંતરડા સામાન્ય કરતા વધુ સેન્સીટીવ હોય છે. આવી વ્યક્તિઓ ચિંતા-તાણ, બેક્ટેરીયા કે અમૂક ખાદ્યને સેન્સીટીવ હોય છે. કાચા શાકભાજી, કોફી, દૂધ અને દૂધની વસ્તુઓ (ડેરીની વસ્તુઓ) કોબી, ફ્લાવર, બ્રોકોલી જેવી વસ્તુઓથી આ દરદીઓને તકલીફ થાય છે, એનું ચોક્કસ કારણ ખબર નથી. વૈજ્ઞાનિકો કહે છેકે મગજ અને આંતરડાની વચ્ચે સંદેશાની આપલે માં કાંઈક ગડબડ થવાથી તકલીફ થાય છે. તાણ - ટેન્શન એ મહત્વનું કારણ હોઈ શકે. મંદાગ્નિ (ભૂખ ઓછી લાગવી, જઠરમાં એસિડ ઓછું ઉત્પન્ન થવું) પણ આ તકલીફનું કારણ છે.

**નિદાન :** આ બિમારીનું નિદાન લક્ષણો પરથી થાય છે ભાગ્યે ઉલ્ટી જેવું થવું, જુલાબ કે કબજીયાત થાય, કાંઈપણ ખાધા પછી તરત જ ટોઈલેટ જવું પડે, રોગ ઉગ્ર બની જાય તો પાણી પીધા પછી પણ ટોયલેટ જવું પડે, માથું દુઃખવું, થાક લાગવો, નિરાશા, અશક્તિ થવી. આ બિમારીમાં અસ્લરેટીવ કોલાઈટીસની જેમ સંડાશમાં લોહી કે આમ નથી પડતું. ૬ મહિના સુધી લક્ષણો હોય અને મહિનામાં ત્રણ વખત તકલીફ થાય તો આ રોગ થયો છે એવું નિદાન થાય છે. હવે નવી લોહીની તપાસમાં પણ આ બિમારીનું નિદાન થાય છે.

**ઈલાજ :** સૌ પ્રથમ દરદીએ ક્યા ખોરાકથી તકલીફ થાય છે તે ધ્યાન રાખી તે ન લેવો. તાણ - ટેન્શન અગત્યનો ભાગ ભજવે છે. તેથી ધ્યાન, મેડીટેશન, કસરત, ચાલવાનું, સંગીત સાંભળી તાણ ટેન્શન ઓછું કરવાનો પ્રયત્ન કરો, રોજના ૭ થી ૮ ગ્લાસ પાણી પીઓ આને લીધે મળ સહેલાઈથી ઉતરી શકે. વધુ રેષા ફાઈબર ધરાવતા પદાર્થ - શાકભાજી ખાસ કરીને વટાણા, પાપડી, નાની કોબી, બ્રોકલી, ગાજર, ફ્લાવર, પાલક, ભીંડા અનાજમાં મસુર, જવ, ઘઉંનો થુલ્લો, રાજમા, ઓટ્સ, તાજા ફળોમાં રાસબેરી, બ્લેક બેરી, અવાકોડો, પેર તે ઉપરાંત અળસી અને ઈલાયચી વગેરેનો ઉપયોગ કરવો. નોંધ : આ રોગમાં કેટલાય દર્દીઓને બ્રોકલી, ફ્લાવર, કોબી વગેરે લેવાથી તકલીફ થાય છે તેમણે ન લેવું.

અમુક દરદીઓને ખોરાકમાં ફેરફાર કરવાથી, લાઈફ સ્ટાઈલ ચેન્જ કરવાથી ફાયદો થાય છે. લાઈફ સ્ટાઈલ ચેન્જ એટલે ઝંક ફૂડ, તળેલું, તીખું, તમતમતું, મસાલેદાર, વધુ ઘીવાળી વાનગીઓ છોડી શાકભાજી, તાજા ફળો, ખાવાના વધારવા, પોષ્ટીક ખોરાક લેવો, બજારૂ ખોરાક ટાળવા, તાણ ટેન્શનથી દૂર રહેવું. સંગીત, વાંચન જેવી ગમતી પ્રવૃત્તિઓ કરવી, બેઠાડું જીવન ત્યજવું. કસરત, ચાલવું, આસન વગેરે કરવા, ૮ કલાકની શાંત ઉંઘ કરવી. ગુસ્સો, ઈર્ષા, નિંદા જેવી નેગેટીવ ઉર્જા ઉત્પન્ન કરતી વૃત્તિઓથી દૂર રહેવું. વધું પડતું ખાવાને બદલે નિયમિત ઉણોદરી ફાયદાકારક થાય છે. સોડા, મરચા - મસાલાનો ત્યાગ કરી ૧૫ દિવસે વમન એટલે કે જબરજસ્તીથી ઉલ્ટી કરી પેટમાંના પિત્ત અને આમ ને બહાર કાઢી નાખવું. અઠવાડીએ એકદાવાર ફળ, સૂપ, દહીં,છાશ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). પહેલું સુખ તે જાતે નર્યા**

જમવાના ૧૫ મિનિટ પહેલાં આદુની કતરણમાં લીંબુ અને સિંધવ નમક નાખી લેવું, જમ્યા પછી નાની ચમચી સૂંઠ લેવી, ડાયાબીટીઝ ન હોય તેમણે ભાત, બટેટા, સક્કરિયા જેવા કાબોદિત પદાર્થો લેવા. ઘઉંની રોટલી, બ્રાઉન રાઈસ, હોલ ગ્રેન બ્રેડ, પ્રોબાયોટીક્સ (દહીં, છાસ અને પ્રોબાયોટીક્સ ઉમેરેલા ખાદ્યો વગેરે) લેવા, એલોવેરા જ્યુસ નિયમિત લેવું, એવા ખોરાક જેમાંથી રોજના ૨૦ થી ૨૫ ગ્રામ રેષા મળી રહે તે નિયમિત લેવા,દૂધ અને દહીં છાસ સિવાયની દૂધની ચીજો ટાળો.દહીં છાસ વધુ લ્યો. દહીંમાં લાઈવ કલચર (ઉપયોગી બેકટેરીયા) હોય છે જે આંતરડામાં રક્ષણાત્મક પડ (આવરણ) બનાવે છે. દારૂ, બીડી, સિગારેટ, તમાકુ, ગુટકા, કેફીન, ધરાવતા કોફી, કોલ્ડ્રીંક, ચોકલેટ તથા સોડા ખૂબ સાકરવાળા પદાર્થો, આર્ટીફિસીયલ સ્વીટર્સ (સાકરને બદલે વપરાતા કેમીકલ્સ) ચ્યુંઈગમ, સૂકો મેવો ટાળો. વધુ ન ખાતા થોડું થોડું ૩-૪ કલાકે ખાવ. જુલાબ લેવાનું ટાળો.

નિયમિત ચાલવાનું રાખો અને કસરત કરો. જેથી પાચન સુધરે. તાણ દૂર કરવા કોશિષ કરો (સ્ટ્રેસ મેનેજમેન્ટ) અને રીલેકસેશનની ટેકનીક (હળવા થવાની રીત) અપનાવો. આ દરદીઓને મૂળ વ્યાધ - પાઈલ્સ થવાની શક્યતા વધુ હોય છે માટે એ ન થાય તેની કાળજી લ્યો. ટોયલેટ માટે જોર ન કરો. ઈસબગુલ ૧ ચમચી પાણીમાં લ્યો. ૪ ચમચી અળસી રોજ લ્યો. ઓમેગા ૩ ફેટી એસિડ અને પુષ્કળ ફાયબર મળશે જે કબજીયાત દૂર કરશે. ૫ા કપ પાણીમાં ૧-૨ ટીપા પીપરમેન્ટ ઓઈલના નાખી દિવસમાં ત્રણ-ચાર વખત લ્યો. વરીયાળી, આદુ આંતરડાની સોજા ઘટાડે, ગેસ બ્લોટીંગ (પેટનો ફૂગાવો) ઘટાડે. ૧ થી ૨ કાકડાશિંગીનું ચૂર્ણ ઘીમાં શેકી સાકર સાથે રોજ લેવું.કોબીના નાના ટુકડા કરી દિવસમાં ત્રણ-ચાર વખત લ્યો. એમાં રહેલા ફાયબરને લીધે ફાયદો થશે. ધ્યાન - મેડીટેશન નિયમિત કરો જેથી તાણ - ટેન્શન ઓછું થશે અને મન શાંત થશે.

આમ તાણ ટેન્શનનો ઈલાજ કરી મનને શાંત કરો અને ખાવા પીવામાં યોગ્ય ફેરફાર કરી, લાઈફ સ્ટાઈલ ચેન્જ કરી આ બિમારીમાં રાહત મેળવો.

---



## A Tribute To

### Mrs. Nalini Pravinchandra Dharamshi (Shah)

**(B.Sc., B.Ed.), Surat.**

**Birth Date: 10-06-1949 Death Date: 25-06-2021**

Nalini was an excellent teacher, an able administrator, a school principal with principles, a meritorious mentor, a well read person and an orator par excellence. She was also a dedicated home maker. She was a sheet anchor of our family. She was a woman of values, virtues and worth. She was a very polite, cultured, well mannered, mature and wise lady. She refrained from gossips, loose talks, kitty parties, pomp and shows. She was a lady of few words and many noble acts and deeds. She worked as Principal in two English Medium Schools for over 25 years in Surat and earned a good name for her deeds. She rendered her services as judge / guest in many schools' compitions and functions as well as other social and cultural bodies like Jain Social Groups, DGVCL (former GEB) and Royal Bengal Cultural Club, to name a few. She had written many educational books which were published by Anada Publications, Ahmedabad. She was honoured with Avantika Green Earth Award for promoting moral values and Indian culture. Many a times, she sponsored student felicitation programs for Shri Surat Kutchhi Jain Samaj and Shri K.D.O. Jain Gnati Mahajan, Surat. Her absence will all ways be felt in our life. We can only pray to God to give peace to her soul where ever she is.

Note: We thank all Gnatijans for sharing our grief by messages and phone calls and standing by us in the period of sorrow.

**Pravinchandra S. Dharamshi (Shah), Surat. Mob. No. 9978903247**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મૂ.જૈન શ્રીસંઘ

તા. ૨૦.૬.૨૦૨૧ના ખાનદેશની ધન્યધરા પર પારોલા તીર્થના આંગણે શાસન પ્રભાવિકા પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા પરમ પૂય સંયમગુણાશ્રીજી મ. સા., પ.પૂ. ખંતિગુણાશ્રીજી મ. સા., પ. પૂ. મલ્લીગુણાશ્રીજી મ. સા., પ.પૂ. ચૈત્યગુણાશ્રીજી મ. સા. આ. ઠા. ૪ નો નગરપ્રવેશ થયો છે. બહારગામથી આવેલ ભાવિકો અને ગામનિવાસી જ્ઞાતિ ભાઈ બહેનોની સામૈયામાં સારી સંખ્યા હતી.

### કચ્છ શક્તિ એવોર્ડ



શ્રી રાજેશભાઈ ગંગાજર મોમાયા, સાંયરા (ચેન્નાઈ)ની 'કચ્છ શક્તિ' સંસ્થા તરફથી આ વરસના 'સમાજ સેવા' ના એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

કચ્છી નવા વર્ષની પૂર્વ સંધ્યાએ તા. ૧૧-૦૭-૨૧ના રોજ આવઈ અષાઢી બીજ કાર્યક્રમ યોજાશે જેમાં વિવિધ ક્ષેત્રોના અન્ય મહાનુભાવોને કચ્છ શક્તિ એવોર્ડ એનાયત થશે પસંદગી સમિતિમાં શ્રી હેમરાજ શાહ (કન્વીનર), શ્રીમતી તરલા જયંત છેડા, શ્રી કનૈયાલાલ જોષી, શ્રી ચિમન મોતા, શ્રી બીપીન નાગડા, એડ. પિયુષ શાહ, વેલજી બોરીચા, ડૉ. નાગજી રીટા, શ્રી હીરાચંદ દંડ, દેવચંદ છેડા તથા લલિત શાહે સેવા આપી છે.

### મોડપર નગરે ધ્વજારોહણ કાર્યક્રમ

૪૦૦ વર્ષ જુના સુપાર્શ્વનાથ અનને કેશરીયા આદિનાથ જિનાલયે ધ્વજારોહણનો કાર્યક્રમ તા. ૧૬.૬. તથા તા. ૧૭.૬.ના ઉજવાયો, આઠમી ધજાના લાભાર્થી પરિવારો દ્વારા સાધર્મિક ભક્તિનો લાભ લેવામાં આવેલ. આ પ્રસંગે રંગપુર, દલતુંગી, સેવક ભરૂડીયા, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડીથી જ્ઞાતિજનો પધાર્યા હતા.

### શ્રી જૈન શ્વે. મૂ. પૂ. શ્રી સંઘ ખામગાંવ

ખામગાંવ નગરે ચાતુર્માસ પ્રવેશ તા. ૧૬-૦૭-૨૧ ના સવારે ૯ કલાકે થશે. પાવન નિશ્રા દીર્ઘસંયમી પ.પૂ. સાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સંયમસુવર્ણશ્રીજી મ.સા., ચાતુર્માસના સુકાની પ. પૂ. સાધ્વી શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ. સા., પ.પૂ. સાધ્વી શ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા.,પ.પૂ. શ્રી. ચંદ્રસુધાશ્રીજી મ. સા.

### શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ

તા. ૨૨-૫-૨૦૨૧ના શ્રી ચંદ્રપ્રભ જિનલાયની ૧૬૩ ધ્વજા તથા શ્રી શીતલનાથ દેવકુલીકાની ૬ ઠી ધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો જેમાં મોટી સિંધોડી-રાપરગઢ - લાલા તથા વાંકુથી આમંત્રિત મહેમાનો પધાર્યા હતા. ધ્વજા મહોત્સવમાં ધૃત ઉછામણી ધૃત મણ ૪૭૯૮૨ થયેલ તથા સાધર્મિક ભક્તિ માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદભાઈ મેપાણી પરિવાર હસ્તે શા. નયનભાઈ તથા માતુશ્રી રતનબાઈ આણંદજી શામજી દંડ પરિવાર હસ્તે શ્રી લહેરચંદભાઈ તરફથી કરવામાં આવેલ.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન સેવાભાવી સંસ્થા, નાશિક.

સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતી પ.પુ. આચાર્ય કલાપ્રભસાગર સુરિશ્વરજી મ. સા. ના આજ્ઞાનુવર્તિ વાત્સલ્યમુર્તિ પ.પૂ. કલ્પપુર્ણાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૪ નો નગર પ્રવેશ તા.૨૩/૬/૨૧ બુધવાર સવારના ૭.૩૦ વાગે હાઈવેથી કોઠારી સ્થાનક, પંચવટીમાં સમાજની બહોળી હાજરીમાં થયો. નાશિકના ઈતિહાસમાં આ પહેલો ચાતુર્માસ થઇ રહ્યો છે. ગુરુવંદન કરી પુ. સાધ્વીશ્રીજી એ માંગલીક આશિર્વચન આપ્યા.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાયપુર

તા. ૨૭/૦૫/૨૦૨૧ શ્રી કુંથુનાથ જિનાલયની ૨૦મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ અને સત્તરભેદી પૂજા સવારના ધામધૂમથી ભણાવવામાં આવી. મૂલનાયક પ્રભુ : માતુશ્રી નેણબાઇ કેશવજી શાહ પરિવાર. અચલગચ્છ ગુરૂદેવ : માતુશ્રી હીરબાઇ મેઘજી મોમાયા - હૈદરાબાદ


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

(નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર – રાયપુર). શાંતિ ગુરુદેવ, સિધ્ધચક મંદિર, દેવ–દેવીઓને પણ ધ્વજારોહણ કરવામાં આવેલ. વિધિકાર શ્રી વિમલ ગોલછાએ વિધિવિધાનથી કાર્યક્રમ પાર પાડેલ.

આ અવસરે અચલગચ્છાધિપતી પૂ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મા. સા., પૂ. મહાપ્રજ્ઞાશ્રી જી મ. સા., પૂ. ડૉ. જયદર્શિતાશ્રીજી મ. સા. આદિ ઠાણા, પૂ. સમયગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા એ આ અવસરે માંગલિક અને શુભેચ્છાઓ પાઠવી. મૂલનાયક પ્રભુની આરતીનો લાભ : રાકેશ જૈન પરિવાર, મંગળ દીપક : માતુશ્રી લક્ષ્મીબાઇ ખેતશી જીવાણી પરિવાર, શાંતિ કળશઃ બેબીબાઇ જૈન પરિવારે લાભ લીધેલ. સંઘ દ્વારા આ અવસરે આશ્રમમાં નાસ્તો અને જમવાનું / ગૌમાતા માટે ગોળ રોટલી જીવદયા પેટે ખવડાવવામાં આવી.

પ. પૂ. ડૉ. જયદર્શિતાશ્રીજી મ. સા. અને હિમાંશુ શ્રીજી મ.સાની પ્રેરણાથી આ વર્ષે મૂલનાયક પ્રભુની ધ્વજા મોકલવામાં આવી.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન – ખંડવા

મહાજનની સાધારણ સભા તા. ૨૦/૬ ના દિવસે રાખવામાં આવી. જેમાં મહાજનના નવા પધાધિકારીઓ સર્વસમંત્તિથી ચુંટવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | મનીષ હીરાચંદ મોમાયા |
| ઉપપ્રમુખ | : | કમલેશ ચંદ્રકાંત પોલડિયા |
| | | પ્રીતિ સુનિલ સાયલા |
